RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 32, Dt.18-04-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અગનભઠ્ઠી બનેલા રાજ્યમાં હજુ બે દિવસ હીટવેવ

## સૌરાષ્ટ્રમાં ઓરેન્જ અને કચ્છમાં યલો એલર્ટ જાહેરઃ રાજકોટ સહિત રાજ્યના ૧૫ શહેરોમાં તાપમાનનો પારો ૪૦થી ૪૪ ડિગ્રીને આંબ્યોઃ અમરેલી અને રાજકોટ સૌથી વધુ ગરમ રહ્યાઃ આગામી દિવસોમાં તાપમાન ૪૫ ડિગ્રી પહોંચે તેવી સંભાવનાઃ રસ્તાઓ બન્યા સુમસામ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હિટવેવની અસર હેઠળ ગઇકાલે અમરેલી, રાજકોટ, જુનાગઢ, સુરેન્દ્રનગર સહિતનાં સ્થળો અગનભઠ્ઠી સમાન બની ગયા હતા અને ગઇકાલે રાજકોટ સહિત અનેક સ્થળોએ ચાલુ સિઝનનું સૌથી ઉંચુ તાપમાન ૪૩ થી ૪૪ ડિગ્રી નોંધાતા લોકો દાઝી ગયા હતા. જયારે આજે પણ સવારથી જ રાજકોટ સહિત રાજયભરમાં ૩૨ ડિગ્રી ઉપર તાપમાનથી આકરી ગરમીનો અનુભવ થવા લાગ્યો હતો.

દરમ્યાન અમરેલી ખાતે ગઈકાલે રામનવમી પર્વની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી રહી હતી. તેવા જ સમયે સવારનાં ૯ કલાકથી તાપમાનનો પારો આસમાને પહોંચી રહ્યો હતો.

અમરેલીમાં છેલ્લા ૩ દિવસથી ભિષણ ગરમી પડતી જોવા મળી રહી છે. શહેરીજનો માટે સવારથી સાંજ સુધી ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યું છે અને એપ્રિલનાં મધ્યમાં તાપમાનનો પારો ૪૪ ડીગ્રી સુધી પહોંચ્યો હોય આગામી દિવસોમાં તાપમાન ૪૫ ડીગ્રી સુધી પહોંચે તો નવાઈ જોવું નહી રહે.

અમરેલી શહેરના લોકો ગરમીથી બચવા માટે થઈ સવારમાં પોતાના કામ આટોપી લઈ અને પોતાના ઘરમાં પુરાઈ જતા હોય અમરેલી ગઈકાલે બપોરના સમયેઅમરેલી શહેરના રાજમાર્ગો ભારે ગરમીના કારણે સુમસામ ભાસી રહયા હતા. સોરઠમાં છેલ્લા ચાર દિવસથી ઉનાળાની સીઝનએ રફતાર પકડી લેતા ગઇકાલે બુધવાર સીઝનનો સૌથી વધુ ૪૨ ડિગ્રીને પાર ગરમીનો પારો પાર થઇ જતા લોકો ત્રાહીમામ પોકારી ગયા હતા. ગરમ પવન સાથે લુના કારણે ત્રાહીમામ પોકારી ગયા છે. આજે પણ ગરમીનો પ્રકોપ રહેવાની હવમાન ખાતાએ આગાહી કરવામાં આવી છે.

રાત્રીના તાપમાન ઘટીને ૨૯.૨ ડિગ્રીને નોંધાયુ હતું. ભેજ ઘટીને ૫૭ ટકાએ રહ્યો હતો. ભારે બફારા વચ્ચે ગરમીએ માઝા મુકી દેતા ગરમીએ હીટ પકડી લેતા ૪૨ ડિગ્રી ઉપર પારો ઉંચો ચડી જતા આકાશમાંથી અગનના ગોળા માફક ગરમી વરસી રહી છે. હજુ પણ ગરમીનો પારો ઉંચકાઇને ૪૪ ડિગ્રીએ પહોંચી જશે તેવી શકયતા હવામાન વિભાગે દર્શાવી છે. ગોહિલવાડ પંથકમાં તીવ્ર ગરમીનું મોજુ પ્રસરી રહ્યું છે. તંત્ર દ્વારા ભાવનગરમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવેલ છે. ભાવનગર શહેર અને જિલ્લામાં ગરમી નો પારો વધીને ૪૧.૭ ડિગ્રીએ લોકો આકરા તાપમાનમાં શેકાયા હતા. ચાર દિવસમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન છ ડિગ્રી ઊંચકાયું છે.

ગોહિલવાડ પંથકમાં ઉનાળો આકરો બની રહ્યો છે. વધુ બે ડિગ્રી મહત્તમ તાપમાન વધતા ગરમી નો પારો ૪૧.૭ ડિગ્રી ને આંબી જતા લોકો તોબા પોકારી ગયા હતા. આજે સિઝનનું સર્વોત્તમ મહત્તમ તાપમાન ભાવનગરમાં નોંધાયું છે. જામનગરમાં અન્ય શહેરની માફક મહતમ તાપમાન ૪૦ ડિગ્રી થતા હિટવેવને હળવાશથી લેવાની જરૂર નથી. આરોગ્ય વિભાગે પણ હિટવેવને ધ્યાને રાખીને માર્ગદર્શિકા જાહેર કરી છે. શહેરીજનોએ ધોમધખતા તાપથી બચવા ચશમાં અને ટોપી ઉપયોગ વધારી દેતા વેચાણમાં વધારો થયો છે. એટલું જ નહીં બપોરે આકરા સૂર્યતાપથી બપોરે લોકોએ કામ વગર બહાર નીકળવાનું ટાળ્યું હતું.જેનાથી બજારો સુમસામ રહે છે.

વેસ્ટ્ટન ડિસ્ટર્બનસની અસરના કારણે જામનગરમાં પ્રથમવાર. ગરમીનો પારો ૪૦ ડિગ્રી નોંધાયો હતો. લઘુતમ તાપમાન ૨૫.૬ ડિગ્રી નોંધાયું હતું.શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૬ ટકા પહોંચ્યું હતું જ્યારે પવનની ગતિ ૭.૬ પ્રતિકલાક કિમિ નોંધાઇ હતી.

# કલાઈમેટ ચેઈન્જ વિશ્વના અર્થતંત્રને તળીયે પહોંચાડી દેશેઃ ૨૦૫૦ સુધીમાં ૩૯ ખરબ ડોલરનું નુકસાન થશે

## જર્મનીના પોટસડેમ ઈન્સ્ટીટયુટ ફોર કલાયમેટ ઈમ્પ્લેટ રીસર્ચમાં બહાર આવી વિગતો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કલાયમેટ ચેઈન્જના પ્રભાવ હેઠળ દુનિયાભરનાં દેશોમાં હવામાનમાં અસામાન્ય બદલાવ થતા રહ્યા છે.હવે તેનો અર્થતંત્રને મોટો ફટકો લાગી શકે છે. ૨૦૫૦ સુધીમાં વાતાવરણનાં આ ઘટનાક્રમોની અસરથી વૈશ્વિક આવકમાં ૧૯ ટકાનો ઘટાડો થઈ શકે છે. ભારતને લાગે વળગે છે ત્યાં સુધી આવક ૨૨ ટકા ઘટી શકે છે.

સંશોધન રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યુ છે કે, વાયુ મંડળમાં અગાઉથી મૌજુદ ગ્રીનહાઉસ ગેસ તથા સામાજીક-આર્થિક કનેકશનને કારણે વૈશ્વિક આવકમાં ઘટાડો શકય છે. અર્થતંત્રનો આ ફટકો દુનિયાનાં તમામ દેશોને લાગશે.



ભારતની વાત કરવામાં આવે તો ૨૨ ટકાનો ફટકો હશે.જે વૈશ્વિક સરેરાશ કરતા ત્રણ ટકા વધુ હશે.કાર્બન ઉત્સર્જનમાં આજથી કાપ મુકવાનું શરૂ થાય તો પણ અર્થતંત્રની અસરમાંથી બચી નહીં શકાય અને ૨૦૫૦ સુધીમાં વૈશ્વિક અર્થતંત્રમાં આવક ૧૯ ટકા ઘટવાનું નિશ્ચિત છે.

જર્મનીના પોટસડેમ ઈન્સ્ટીટયુટ ફોર કલાયમેટ ઈમ્પ્લેટ રીસર્ચનાં વૈજ્ઞાનિકો દ્વારા છેલ્લા ૪૦ વર્ષ દરમ્યાન દુનિયાભરના ૧૬૦૦ થી વધુ ક્ષેત્રોનાં જલવાયું પરિવર્તન સંલગ્ન આર્થિક અસરોનો અભ્યાસ કરીને આ સંશોધન રીપોર્ટ તૈયાર કર્યો છે. નેચરમાં પ્રકાશીત રીપોર્ટમાં એમ કહેવાયું છે કે, ઉતરીય અમેરિકા, યુરોપ સહીત મોટાભાગનાં ક્ષેત્રોમાં આવકમાં મોટો ઘટાડો થવાનું અનુમાન છે.


દક્ષિણ એશીયા તથા આફ્રિકા સૌથી વધુ પ્રભાવીત થશે. વૈશ્વિક વાર્ષિક નુકશાનનું અનુમાન ૨૦૫૦ સુધીમાં ૩૮ ખરબ ડોલરનું ગણાય છે. જેની સંભવીત રેન્જ ૧૯ થી ૫૯ ખરબ ડોલરની અંદાજાય છે.કાયમી ગરમ પ્રદેશોનાં દેશો સૌથી વધુ પ્રભાવીત થશે.

# મોદી સરકારના કાર્યકાળમાં ઈડીના દરોડા અને ધરપકડમાં અનેકગણો વધારોઃ રૂા.૧.૨૧ લાખ કરોડની સંપતિ જપ્ત કરાઈ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોન્ડરિંગ એક્ટ ૨૦૦૨માં ઘડવામાં હતો અને તેનો અમલ પહેલી જુલાઈ ૨૦૦૫થી થયો હતો.કેન્દ્રમાં ૨૦૧૪માં મોદી સરકાર બન્યાં બાદ છેલ્લાં ૧૦ વર્ષમાં મની લોન્ડરિંગ કાયદા હેઠળ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની સર્ચ કાર્યવાહીમાં ૮૬ ગણો તથા ધરપકડ અને સંપત્તિની જપ્તીમાં આશરે ૨૫ ગણો ઉછાળો આવ્યો છે.

જુલાઈ ૨૦૦૫થી માર્ચ ૨૦૧૪ તથા એપ્રિલ ૨૦૧૪થી માર્ચ ૨૦૨૪ વચ્ચેના ડેટાના વિશ્લેષણમાં આ માહિતી બહાર આવી હતી. પ્રિવેન્શન ઓફ મની કાયદા હેઠળ સજા થઈ છે. ઊઉ એ છેલ્લા દસ વર્ષમાં આશરે ૫,૧૫૫ પીએમએલએ કેસ દાખલ કર્યા હતા.





આની સામે ૨૦૦૫થી ૨૦૧૪ દરમિયાન ૧,૭૯૭ કેસ દાખલ થયાં હતાં. આમ આ સમયગાળામાં ઈડીના કેસોમાં આશરે ત્રણ ગણો ઉછાળો આવ્યો છે. ઈડી ૨૦૧૪માં પ્રથમ વખ્ય આરોપોને કોર્ટમાં સાબિત કર્યા હતાં અને અત્યાર સુધી ૬૩ આરોપીઓને મની લોન્ડરિંગ કાયદા હેઠળ સજા થઈ છે. ઊઉએ ૨૦૧૪-૨૦૨૪ના સમયગાળા દરમિયાન દેશભરમાં મની લોન્ડરિંગના કેસોમાં ૭,૨૬૪ સર્ચ કાર્યવાહી કરી દરોડા પાડ્યા હતા.


અગાઉના સમયગાળામાં માત્ર ૮૪ હતાં. દરોડાની સંખ્યામાં પણ ૮૬ ગણો વધારો થયો છે.ઈડીએ છેલ્લાં દાયકામાં અનેક લોકોની ધરપકડ કરી છે અને ૧,૨૧,૬૧૮ કરોડની કુલ સંપત્તિ કરી છે. કોંગ્રેસના શાસન હેઠળના સમયગાળામાં વ્યક્તિની ધરપકડ થઈ તેની સરખામણીમાં હાલ સંખ્યા વધુ છે. જેમાં કુલ રૂ.૫,૦૮૬.૪૩ કરોડની સંપત્તિ જપ્ત હતી.

છેલ્લાં દાયકામાં ધરપકડોમાં ૨૬ ગણો અને સંપત્તિની જપ્તીમાં પણ ઉછાળો આવ્યો છે. એજન્સીએ છેલ્લા એક દાયકા દરમિયાન વિવિધ પ્રકારની સ્થાવર અને જંગમ સંપત્તિ માટે ૧,૯૭૧ અથવા કામચલાઉ જપ્તી આદેશો જારી કર્યા હતાં.

# જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં ટાર્ગેટ કિલિંગ, આંતકીઓએ પરપ્રાંતિય મજૂરની હત્યા કરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લાના બિજભેરામાં બુધવારે (૧૭ એપ્રિલ) સાંજે આતંકીઓએ બિન કાશ્મીરીઓ પર ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થતા. તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મૃતકની ઓળખ શંકર શાહ તરીકે થઈ છે જે બિહારનો રહેવાસી હતો.



અહેવાલો અનુસાર, અનંતનાગ જિલ્લાના બિજભેરામાં આતંકીઓએ ગોળીબાર કરીને આતંકીઓ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતી. આ હુમલાથી વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. પોલીસે સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે અને આતંકીઓની શોધખોળ શરૂ કરી છે. નોંધનીય છે કે, આ ઘટના અનંતનાગ લોકસભા મતવિસ્તારમાં બની હતી, જ્યાં સાતમી મેના રોજ ત્રીજા તબક્કાનું મતદાન થવાનું છે. ચૂંટણીને કારણે સુરક્ષા ઘણી સઘન કરવામાં આવી છે. તેમ છતાં આતંકીઓ દ્વારા હુમલા કરવામાં આવી રહ્યા છે.

અગાઉ આઠમી એપ્રિલે આતંકીઓએ દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લાના પડપાવનમાં બિન કાશ્મીરી પરમજીત સિંહને ગોળી મારી હતી. તે દિલ્હીનો રહેવાસી હતો. પરમજીત જ્યારે ડ્યુટી પર હતો ત્યારે આતંકીઓએ તેમના પર હુમલો કર્યો હતો.

# શક્તિ પ્રદર્શન વચ્ચે સી.આર. પાટીલ વિજય મૂહૂર્ત ચુકી જતાં આવતીકાલે ફોર્મ ભરશે

**મુખ્ય સમાચાર, નવસારી**

ગુજરાતમાં ૭ મેના મતદાન માટે ૧૨ એપ્રિલથી ૧૯ એપ્રિલ સુધી ઉમેદવારો ફોર્મ ભરી શકશે. ગઈકાલે રામ નવમીની રજા બાદ આજે ગુરૂવારે રાજ્યની બાકી રહેલી કેટલીક બેઠકો પર ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો ફોર્મ ભરશે. આજે અમરેલીથી ભાજપના ઉમેદવાર ભરત સુતરીયા તેમજ કોંગ્રેસમાં જૂનાગઢથી હીરાભાઈ જોટવા, આણંદથી અમિત ચાવડા, અમદાવાદ પૂર્વ લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર સહિતનાઓ આજે ફોર્મ ભરશે.

તો પાટણના ચંદનજીએ ફોર્મ ભર્યું હતું. નવસારીથી ભાજપના ઉમેદવાર સી આર પાટીલ આજે ફોર્મ ભરવાના હતા પણ વિજયમૂર્હત ચુકી ગયા હતા. જેથી હવે કાલે ફોર્મ ભરશે. નવસારીમાં સી આર પાટીલની ભવ્ય રેલી યોજાઈ હતી. જેમાં મહિલાઓ ગરબે ઘૂમી હતી. તેમજ ગીતા



રબારીએ ગીત લલકાર્યા હતા. આ રોડશોમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ મંત્રી હર્ષ સંઘવી, મંત્રી દેસાઈ સહિતના નેતાઓ હાજર રહ્યા હતા.


નવસારી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર સી.આર પાટીલ ઈખ ભુપેન્દ્ર પટેલ, હર્ષ સંઘવી સહિતના સમર્થકો સાથે મોટી સંખ્યામાં બાઇક રેલી યોજી હતી. નવસારીમાં આવેલા મધ્યસ્થ કાર્યાલયથી રેલીની શરૂઆત થઈ હતી. ફૂલોથી શણગારેલી ગાડીમાં પાટીલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતનાઓએ રેલી યોજી હતી. રેલીમાં હજારો લોકો ઉમટી પડ્યા હતા.મહિલાઓએ રેલીમાં ગરબે રમતી નજરે પડી હતી. તો ગીતા રબારીએ ગીતો લલકાર્યા હતા. રેલી દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે. આ વચ્ચે પાટીલ વિજયમૂર્હત ચુકી ગયા હતા. જેથી હવે તેઓ કાલે ફોર્મ ભરશે. હજારોની જનમેદની સાથે રોડ શો યોજ્યા બાદ પાટીલ પરત ફર્યા હતા.

# ભારતીય વાયુસેના ઝડપથી અસ્ત્ર એમકે-૨ મિસાઈલનું પરિક્ષણ કરશેઃ હવામાં જ હવા વડે હુમલો કરવાની તાકાત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય વાયુસેના ઝડપથી અસ્ત્ર એમકે-૨ મિસાઈલનું પરિક્ષણ કરવાની છે. હવામાં જ હવા વડે જ હુમલો કરનારી આ મિસાઈલ બિયોન્ડ વિઝ્યુઅલ રેન્જ કેટેગરીમાં સામેલ છે. અર્થાત જ્યાં કોઈ ફાઈટર જેટ કે અટેક હેલિકોપ્ટરનો પાયલોટ ન દેખાય તો પણ તે સટીક હુમલો કરે છે.

અસ્ત્ર એમકે-૨ હાલ પરિક્ષણ હેઠળ છે, અસ્ત્ર એમકે૧ સેનામાં સામેલ છે. વાયુસેના આ મિસાઈલના પ્રદર્શનથી સંતુષ્ટ છે. ૨૦૦ મિસાઈલનો ઓર્ડર આપી શકે છે. જેમાં ઓપ્ટિકલ પ્રોક્સિમિટી ફ્યુજ લગાવેલ છે. જે ટાર્ગેટ પર નજર રાખે છે. આજનું વજન ૧૫૪ કિગ્રા છે, લંબાઈ ૧૨.૬ ફૂટ અને વ્યાસ ૭ ઈંચ છે.





અસ્ત્ર એમકે-૨ મિસાઈલમાં હાઈ-એક્સપ્લોસિવ તથા પ્રી-ફ્રેગમેન્ટેડ એચએમએક્સ હથિયાર લગાવી શકાય છે. તેમજ તે ૧૫ કિગ્રા વજન ધરાવતુ હથિયાર ઉપાડી શકે છે. જેને રેન્જ ૧૩૦થી ૧૬૦ કિમી છે. મહત્તમ ૬૬ હજાર ફૂટ ઉંચાઈ સુધી જઈ શકે છે. જે ૫૫૫૬.૬ કિમી પ્રતિ કલાકની ઝડપે હુમલો કરે છે.

આ મિસાઈલનો ભવિષ્યમાં તેજસ એમકેર, એએમસીએ, ટેડબીએફ ફાઈટર જેટ્સમાં ઉપયોગ થઈ શકે છે. ભારતીય વાયુસેના જૂની માઈકા મિસાઈલના બદલે સ્વદેશી અસ્ત્ર મિસાઈલનો ઉપયોગ કરી શકે છે. જે ડીઆરડીઓ દ્વારા ડિઝાઈન કરવામાં આવી છે. બિયોન્ડ વિઝ્યુઅલ રેન્જ મિસાઈલ ફાઈટર જેટને સ્ટેન્ડ ઓફ રેન્જ પ્રદાન કરે છે.

સ્ટેન્ડ ઓફ રેન્જનો અર્થ દુશ્મનની તરફ મિસાઈલ છોડ્યા બાદ પોતાને હુમલાથી બચવા માટે યોગ્ય સમય મળે છે. એમકેર અને એમકે૩ની રેન્જ ૩૫૦ કિમી રહેશે. જે અલગ-અલગ રેન્જ અને વેરિયન્ટ્સ સાથે ઉપલબ્ધ છે.

# ૨૦ વર્ષમાં દેશમાં વૃદ્ધોની સંખ્યા ત્રણ ગણી થઈ જશે, હોસ્પિટલ ખર્ચ ૪૦૦ ગણો વધશે, રિપોર્ટમાં ઘટસ્ફોટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એક અભ્યાસ અનુસાર ભારતમાં વૃદ્ધોની સંખ્યા આગામી ૨૦ વર્ષમાં ત્રણ ગણી થઈ જશે. ત્યારે બે કે તેનાથી વધુ બીમારીઓની ચપેટમાં આવનાર વૃદ્ધ દર્દીઓની સંખ્યા પણ ખૂબ વધુ હશે. ડોક્ટરોએ ચેતવણી આપી છે કે જો અત્યારથી વૃદ્ધ દર્દીઓના આરોગ્ય પર



ખર્ચ વધારવામાં આવ્યો નહીં તો સરકારી હોસ્પિટલ પર બોજ વધશે.

ડોક્ટર્સે લોકનાયક હોસ્પિટલમાં દાખલ એક હજાર વૃદ્ધ દર્દીઓની દવાઓ પર ખર્ચના વિશ્લેષણના આધારે આ રિપોર્ટ તૈયાર કર્યો છે. તેમની દવાઓ પર ૧૦.૮૭ લાખ રૂપિયા ખર્ચ થયા છે. તેમને ૧૨૭ ફોર્મ્યુલેશનની ૮,૩૬૬ દવાઓ આપવામાં આવી.

જેમાં સૌથી વધુ ૯૧% ખર્ચ પેરેન્ટ્રલ એટલે કે પાચનતંત્ર સિવાય અન્ય માર્ગ જેમ કે ઈન્જેક્શન કે ઈન્ફ્યૂઝનથી આપવામાં આવેલી દવાઓ પર થયો. મહત્વનું એ છે કે જે વૃદ્ધ દર્દીઓને એકથી વધુ બીમારીના કારણે દાખલ કરવા પડ્યા, તેમાં દવાઓ પર ખર્ચ સૌથી વધુ હતો. નર્સિંગ, ડોક્ટરની સલાહ અને તપાસ જેવી મોટાભાગની સેવાઓ સરકારી હોસ્પિટલોમાં નિ:શુલ્ક છે.

# ઠંડા પીણાની દુકાનમાં હાથફેરો કરનાર બે શખ્સ ઝબ્બે



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ગોકુલનગર નજીક ઠંડાપીણાની એક દુકાનમાં ઠંડુ પીવા આવેલા બે શખ્સે રૂ. ૩૦ હજારની રોકડવાળું પાકીટ ઉઠાવ્યું હતું. તેની શરૂ થયેલી તપાસમાં પોલીસે બે શખ્સને પકડી પાડી રોકડ કબ્જે કરી છે.જામનગરના ગોકુલનગર સાંઢીયા પુલ પાસે માધવ બાગ-૧માં આવેલી એક બિલ્ડીંગમાં ઠંડા પીણાની દુકાન ચલાવતા હીરેન કમલેશભાઈ કણઝારીયાના પત્ની સંગીતાબેન સોમવારે પોતાની દુકાને હતા ત્યારે ઠંડુ પીણુ પીવા આવેલા બે અજાણ્યા શખ્સે આ મહિલાની નજર ચૂકવી દુકાનના કાઉન્ટરમાંથી રૂ. ૩૦ હજાર રોકડ સાથેનું પાકીટ ઉઠાવ્યાની પોલીસમાં ફરિયાદ થઈ હતી.

આ ગુન્હાની તપાસ સિટી-સી ડિવિઝનના પીઆઈ જે.વી. ચૌધરીની સુચનાથી પીએસઆઈ વી.બી. બરબસીયા તથા સ્ટાફે શરૂ કરી હતી. જેમાં ફૈઝલ ચાવડા, હોમદેવસિંહ, હર્ષદ પરમારે તે વિસ્તારના સીસીટીવી તપાસવા ઉપરાંત બાતમીદારોને એક્ટિવેટ કરતા બે શખ્સ ઝડપાઈ ગયા છે.સાંઢીયા પુલ નીચે ઉઠાંતરીના પૈસાનો ભાગ પાડી રહેલા જામનગરના હાપા ખારી વિસ્તારમાં બાવરીવાસમાં રહેતા માનસીંગ સુરજ ડાભી અને શ્યામ સુલ્તાન કોળી નામના બે શખ્સને પોલીસે દબોચી લઈ પૂછપરછ કરતા આ શખ્સોએ ઉપરોક્ત ચોરીની કબૂલાત આપી છે અને રૂ. ૩૦ હજાર કાઢી આપ્યા છે. બંને શખ્સની ધરપકડ કરાઈ છે.

# જામનગર તાલુકાના સચાણા ગામે બાળકોની તકરારમાં મનદુઃખ રાખીને બે જૂથ વચ્ચે મારામારી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના સચાણા ગામમાં બાળકો અંગેની તકરાર નું મનદુખ રાખીને બે જૂથ વચ્ચે તકરાર થઈ હતી અને સામસામે હુમલા કરાયા હતા. જેમાં બંને પક્ષની છ વ્યક્તિઓ ઘાયલ થઈ છે.જે મામલે સામસામી પોલીસ ફરિયાદ નોંધાવાઇ છે.જામનગર તાલુકાના સચાણા માં રહેતી ઝરીનાબેન અવેશભાઈ નામની ૪૦ વર્ષની મહિલાએ બાળકો અંગે ની તકરારનું મનદુઃખ રાખી પોતાના ઉપર તેમજ પોતાના પતિ અવેશભાઈ તથા એમણાબેન ઉપર લાકડાના ધોકા- પાઈપ જેવા હથિયારો વડે હુમલો કરી ઇજા પહોંચાડવા અંગે પાડોશમાં રહેતા



ઇશાભાઈ જુસબભાઈ કક્કલ, જુસબ અબ્બાસભાઈ કક્કલ, મુસ્તાક જુસબભાઈ, સબીના જુસબભાઈ અને ફિરોજ રજાકભાઈ ગજિયા સામે ફરિયાદ નોંધાવી છે.જ્યારે સામા પક્ષે શબીનાબેન જુસબભાઈ કક્કલે પોતાના ઉપર તેમજ પોતાના પરિવારના બે સભ્યો પર ધોકા લાકડા વડે હુમલો કરી બટકા ભરીને ઈજા પહોંચાડવા અંગે પાડોશી રમજાન આવેશભાઈ કક્કલ, રશીદાબેન જુનસભાઈ ભોકલ, સુગરાબેન જુનસભાઈ ભોકલ, અને નાઝમીનબેન અવેશભાઈ ભોકલ સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસે બંને પક્ષની હુમલા અંગેની ફરિયાદ નોંધી સચાણા ગામમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.

# ટંકારામાંથી સીએનજી રીક્ષામાં દેશી દારૂની ખેપ મારતા પ્રૌઢની અટકઃસપ્લાયર મહિલા આરોપીનું નામ ખુલ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર ટંકારા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન અમરાપર-ટોળ રોડ ઇન્ડીયન ગેસના ગોડાઉન સામે રોડ ઉપરથી શંકાસ્પદ હાલતમાં પસાર થતી સીએનજી રીક્ષા રજી. જીજે-૨૩-યુ-૪૪૦૩ને રોકી તેની તલાસી લેતા તેમાંથી પ્લાસ્ટિકના બાચકામાં ૧૬૦ લીટર દેશીદારૂ મળી આવતા આરોપી સીએનજી રીક્ષા ચાલક ભરતભાઇ હરીભાઇ જાડેજા ઉવ.૫૨ રહે.રાજકોટ કુબલીયાપરા શેરી નં.૦૫ની અટક કરવામા આવી હતી. પકડાયેલ આરોપીની દેશી દારૂના જથ્થા બાબતની સઘન પૂછપરછમાં દારૂનો જથ્થો મહિલા આરોપી ફરીદાબેન રહે.ગામ ચીરોડા તા.ચોટીલા જી.સુરેન્દ્રનગર પાસેથી મેળવ્યો હોવાનું જણાવતા પોલીસે સીએનજી રીક્ષા અને દેશી દારૂનો જથ્થો કબ્જે લઇ બંને આરોપીઓ સામે પ્રોહી. હેઠળ ગુનો નોંધી મહિલા આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

# વાંકાનેર અમરસર ચેકપોસ્ટ ખાતેથી મોંઘીદાટ વિદેશી દારૂની ૪ બોટલ સાથે યુવક ઝબ્બે

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર વાંકાનેર સીટી પોલીસ ટીમ દ્વારા અમરસર ચેકપોસ્ટ ખાતે ચેકિંગની કામગીરી ચાલુ હોય તે દરમિયાન એ યુવક બેગ લઈને ત્યાંથી પસાર થતા તેને રોકી તેની પાસેની બેગની તલાસી લેતા બેગમાંથી મોંઘીદાટ વિદેશી દારૂની ૪ નંગ બોટલ જે એક બોટલની કિ.રૂ.૨,૭૪૦ એવી કુલ ૪ બોટલ કિ.રૂ.૧૦,૯૬૦/-નો મુદામાલ મળી આવ્યો હતો. આ સાથે પોલીસે આરોપી રાહુલભાઈ ઉર્ફે ચીકુ પવનકુમાર બાંખેડે ઉવ.૨૦ રહે.સોનીપત સેક્ટર-૨૩,શેરી નં-૪ તા.જી.સોનીપત(હરીયાણા)ની સ્થળ ઉપરથી અટક કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં સનાતન હિન્દુ સંગઠનો દ્વારા રામ નવમીના દિવસે ભવ્ય શોભાયાત્રા નીકળી

## મોરબી શહેર પોલીસ તંત્રની પ્રસંશનીય કામગીરી, શોભાયાત્રાના તમામ રૂટમાં સતત ખડેપગે રહી બંદોબસ્ત જાળવ્યો





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી:ભગવાન રામના જન્મની ગુજરાતભરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. વિવિધ મંદિરોમાં પૂજા, આરતી અને વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતભરનાં રામજી મંદિરો જયશ્રી રામના નાદ સાથે ગુંજી ઊઠયા હતા. ત્યારે મોરબીમાં પ્રભુ શ્રીરામના જન્મોત્સવ એટલે કે રામનવમી નિમિત્તે સમસ્ત સનાતન હિન્દૂ સંગઠનો દ્વારા ભવ્ય શોભાયાત્રા યોજાઇ હતી. જે ભવ્ય અને વિશાળ હિન્દૂ વિજય યાત્રામાં હજારો રામભક્તો જોડાયા હતા.

સમગ્ર દેશભરમાં રામનવમીનાં તહેવારની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. ઠેર-ઠેર ધર્મસભા તેમજ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે મોરબીમાં પણ હિન્દુ સંગઠનો દ્વારા રામનવમી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા યોજાઇ હતી. જેમાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા. તેમજ આ શોભાયાત્રા મોરબી શહેરના મુખ્યમાર્ગો પર ફરી હતી. જેથી સમગ્ર મોરબી શહેર રામમય બન્યું હતું. શોભા યાત્રા મોરબી શહેરના મુખ્ય માર્ગો પર ફરી અને મોરબીના દરબાર ગઢ વિસ્તારમાં પહોંચી હતી. જ્યાં ભવ્ય મહા આરતી યોજાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકના પીઆઇ એચ.એમ જાડેજાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ સાથે પોતે ખડેપગે રહી શોભાયાત્રાના પ્રારંભથી લઈને પુર્ણાહુતી સુધી કાબિલેદાદ બંદોબસ્ત જાળવ્યો હતો, જેને લઇ સમસ્ત સનાતન હિન્દૂ સંગઠનોએ મોરબી શહેર પોલીસની પ્રસંશનીય કામગીરીની નોંધ લઇ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## નાયબ મામલતદાર હરેશભાઈ ચૌહાણનો આજે જન્મદિવસ

**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**



મુળ મોરબીના વતની અને સમાજસેવાના કાર્ય તથા શિક્ષણકાર્યમાં વિવિધ પ્રવૃતિઓ કરી મદદરૂપ બનનાર હરેશભાઈ ચૌહાણનો આજે જન્મદિવસ છે. તેઓ હાલ મોરબીમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવી રહ્યા છે. સરળ, શાંત અને સ્વભાવના હરહંમેશ લોકોને મદદરૂપ થવાની ખેવના ધરાવતા હરેશભાઈ ચૌહાણને આજે જન્મદિવસ નિમિત્તે સગાં-સંબંધી અને બહોળા મિત્ર વર્તુળ તરફથી તેમના મો.૯૯૨૫૨૫૪૭૪૮ જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# જામનગરમાં ભગવાન રામની ભવ્ય શોભાયાત્રા નીકળીઃ વિવિધ સંસ્થાઓ દ્વારા આકર્ષક ફલોટ તૈયાર કરાયા







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ભગવાન રામની ૪૩મી સવારી બાલા હનુમાન મંદિર ખાતેથી પ્રારંભ કરવામાં આવી હતી. જેમાં ખાસ રામ લક્ષ્મણ જાનકીનો આકર્ષક ફ્લોટ્સ તૈયાર કરીને બાલા હનુમાન મંદિરે પૂજા અર્ચના કરી પ્રારંભ કરાવ્યો હતો.જામનગર શહેરમાં હિન્દુ ઉત્સવ સમિતિ અને મહાદેવ હર મિત્ર મંડળ ચેરી ટ્રસ્ટના નેજા હેઠળ વિવિધ ધાર્મિક સંસ્થાઓ, સંગઠ્નો, મંડળો તેમજ વિવિધ જ્ઞાતિના આગેવાનોની રાહબરી હેઠળ ભગવાન શ્રી રામચંદ્રજીની જન્મ જયંતિ રામનવમીના મહા ઉત્સવ પ્રસંગે વિશાળ રામસવારી નીકળી હતી. રામ સવારી ૪૨ વર્ષ પૂર્ણ કરીને ૪૩ વર્ષમાં પ્રવેશી છે.શોભાયાત્રાના આયોજન પછી આ વર્ષે વિવિધ સંસ્થાઓ દ્વારા ૨૫ જેટલા સુંદર અને આકર્ષક ફ્લોટ્સ તૈયાર કરીને ભવ્ય રામ સવારીનું આયોજન કરાયું હતું. રામ સવારી બાલા હનુમાનજીના મંદિરેથી પ્રારંભ કરાઈ અને શહેરના મુખ્ય માર્ગો પર પંચેશ્વર ટાવર પાસે આવેલા ભગવાન રામચંદ્રજીના મંદિરે શોભાયાત્રાનું માર્ગ પર રામસવારીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથોસાથ પ્રસાદ, આઇસ્ક્રીમ અને સરબતનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ૪૩મી રામસવારીના અનન્ય આકર્ષણો હિન્દુ ઉત્સવ સમિતિ અને મહાદેવ હર મિત્ર મંડળ ચેરીટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ યોજાનારી ૪૩મી રામસવારીમાં આ વખતે અનેક વિવિધ આકર્ષણો ઉભા કરાયા હતા. જેમાં ખાસ કરીને જામનગર શહેરની સંસ્થા મહાદેવ હર મિત્ર મંડળ દ્વારા પ્રતિવર્ષ મુજબ આ વર્ષે પણ ભગવાન શ્રીરામ - લક્ષ્મણ અને જાનકીની પ્રતિમા સાથેનો એક સુંદર અને ભવ્ય આકર્ષીત ફ્લોટ્સ તૈયાર કરવામાં આવ્યો હતો.

# મોરબી જલારામ પ્રાર્થના મંદિર ખાતે રામનવમીના પાવન પર્વ નિમિતે મહાઆરતી તેમજ મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાયા







**મુખ્ય સમાચાર, મોરબી**

વિવિધ પ્રકારની માનવસેવા પ્રદાન કરતા મોરબી શ્રી જલારામ પ્રાર્થના મંદિર ખાતે આરાધ્ય દેવ પ્રભુ શ્રી રામ ના જન્મોત્સવ ને ભક્તિભાવપૂર્વક ધામધૂમ થી ઉજવવા માં આવ્યો હતો. જે અંતર્ગત બપોરે ૧૨ કલાકે પ્રભુ શ્રી રામ નો જન્મોત્સવ, મહાઆરતી તેમજ મહાપ્રસાદ સહિત ના કાર્યક્રમો યોજાયા હતા, જેમાં બહોળી સંખ્યા માં ભક્તોજનોએ ઉપસ્થિત રહી મહાપ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.

# મોરબીમાં સાર્થક વિદ્યામંદિર ખાતે ૨૦મીએ વૈદિક પેરેન્ટિંગ સેમિનાર યોજાશે



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીઃ આજકાલ બાળકોના વ્યવહારને લઇ વાલીઓમાં ફરિયાદો હોય છે. ત્યારે આ સમસ્યાને પગલે શહેરની સાર્થક વિદ્યામંદિર તથા સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્ દ્વારા વૈદિક પેરેન્ટિંગ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૨૦ એપ્રિલ શનિવારના રોજ સાંજે ૫:૦૦ થી ૭.૦૦ સુધી કેસર બાગ પાસે આવેલી સાર્થક વિદ્યામંદિર ખાતે યોજાશે.

આ કાર્યક્રમમાં વકતા તેમજ સંસ્કૃતિ આર્ય ગુરૂકલમ્ રાજકોટના સંચાલક વૈદ્ય આચાર્ય મેહુલભાઈ-દર્શનાચાર્ય વાલીઓને માર્ગદર્શન પૂરું પાડશે. કાર્યક્રમનાં સમયનાં ૧૦ મિનિટ પહેલા આવવા વિનંતી કરવામાં આવી છે. તેમજ આ કાર્યક્રમ માટે રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. રજિસ્ટ્રેશન તથા અન્ય વિશેષ જાણકારી મેળવવા ૯૬૬૪૯ ૧૧૧૮૨, ૮૧૪૦૧ ૪૦૦૧૪ પર સંપર્ક કરવા જણાવાયુ છે.

# રાજકોટના રવિરાંદલ પાર્કમાં શિવ કથાનું શ્રવણ કરતાં હજારો ભાવિકો

**મુખ્ય સમાચાર, મોરબી**



રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર શીતલપાર્ક પાસે રવિ રાંદલ પાર્કમાં આવેલ શ્રીનીલકંઠ મહાદેવ મંદિર ખાતે શિવકથાનું આયોજન કરવામાં આવ્યું છે. શિવકથા ગત તા.૧૦/૦૪ થી પ્રારંભ થયેલ શિવકથા આગામી તા.૧૮/૦૪ના રોજ કથાની પુર્ણાહુતી કરવામાં આવશે, આ શિવકથાના વક્તા શ્રી ભારદ્વાજબાપુ (આશુતોષ અન્નક્ષેત્ર તળાજાવારા) સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવી રહ્યા છે, શિવકથામાં આવતા વિવિધ પ્રસંગો ધામધૂમથી ઉજવાઈ રહ્યા છે ત્યારે આ શિવકથાનું શ્રવણ કરવા બહુ બહોળી સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી રહ્યા છે. આજ તા ૧૮/૦૪ ના બપોરે ૩:૩૦ થી ૬:૩૦ સુધી શિવકથાનો છેલ્લો દિવસ હોય ત્યારે શિવકથાના વક્તા તેમજ યજમાન આયોજક દ્વારા શિવકથા શ્રવણનો ધર્મપ્રેમી જનતાને લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા ૫૦૦ નિરાધારોને અયોધ્યા દર્શન કરવા લઈ જવાનો સંકલ્પ કરાયો

## વૃધ્ધોને અયોધ્યા ખાતે રામલલ્લાનો સાક્ષાત્કાર કરાવશેઃ રામનવમી નિમિતે યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા નિરાધારો માટે અયોધ્યા યાત્રાની સરાહનીય જાહેરાત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં વિવિધ પ્રવૃત્તિઓથી દેશભાવના જાગૃત કરવાના ભગીરથ પ્રયાસો કરનાર યંગ ઇન્ડિયા ગ્રુપ દ્વારા આજે રામનવમી નિમિતે એક સંકલ્પ લેવામાં આવ્યો છે. જેમાં આ વર્ષ દરમિયાન સમયાંતરે મોરબીના નિરાધાર લોકો માટે અયોધ્યામાં બિરાજમાન ભગવાન રામલલ્લાનો સાક્ષાત્કાર કરાવવા માટે એકદમ નિઃશુલ્ક અયોધ્યા યાત્રાનાં આયોજનની જાહેરાત કરી છે.

આ અંગે મોરબી યંગ ઇન્ડિયા ગ્રુપના મેન્ટોર દેવેનભાઈ રબારીએ જણાવ્યું હતું કે, ૫૦૦ વર્ષના લાંબા સંઘર્ષ બાદ સનાતન હિન્દૂ ધર્મના પાલનહાર અને મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામલલ્લા તેમની પાવન જન્મભૂમિ અયોધ્યામાં બિરાજમાન થતા આખા દેશમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. દેશના દરેક લોકોને ભગવાન રામના દર્શન કરવાની અનેરી ઈચ્છા હોય અને ઘણા લોકો અયોધ્યામાં રામ દર્શને જઈ પણ રહ્યા છે. પણ જે નિરાધારો હોય તેમને ભગવાન રામ પ્રત્યે ભક્તિ વ્યક્ત કરવા અયોધ્યા દર્શન કરવાની જબરી મહેચ્છા હોય છે. આવા નિરાધારોની ભગવાન રામની ભક્તિ કરવાની ઈચ્છા મનની મનમાં જ ન રહી જાય અને આવા લોકો અયોધ્યામાં બિરાજમાન શ્રીરામલલ્લાના દર્શન કરી શકે તે માટે યંગ ઇન્ડિયા ગ્રુપ દ્વારા આજે રામ જન્મોત્સવ નિમિતે એક સંકલ્પ કર્યો છે. જેમાં ૫૦૦ જેટલા લોકોને આગામી સમયમાં સમયાંતરે અયોધ્યા યાત્રા કરાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નિરાધાર લોકોની યાદી તૈયાર કરી તેમને સંપૂર્ણ ફ્રીમાં અયોધ્યા દર્શન કરવા લઈ જવામાં આવશે. આ યાત્રા ચાલુ વર્ષમાં સમયાંતરે યોજવામાં આવશે. અને ગ્રુપ વાઈઝ લોકોને અયોધ્યા લઈ જવામાં આવશે. આ માટે રજિસ્ટ્રેશન સહિતની તારીખો અને પ્રક્રિયા ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

આમ યંગ ઇન્ડિયા ગ્રુપ દ્વારા ૫૦૦ જેટલા નિરાધાર લોકોને અયોધ્યા દર્શન માટેની રામનવમીએ જાહેરાત કરી રામનમવીની સાર્થક ઉજવણી કરવાનો સંકલ્પ લીધો હતો.



# ચોટીલામાં રામનવમીના શુભ અવસરે 'સનાતન ધર્મની પાઠશાળા' શરૂ કરવામાં આવી

## વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા નાના બાળકોમાં સંસ્કારોનું સિંચન કરવામાં આવશે







**મુખ્ય સમાચાર, મોહસીનખાન પઠાણ**

ભગવાન શ્રી રામના જન્મ દિવસ અને પવિત્ર ચૈત્રી નવરાત્રિના નવમા નોરતે ચોટીલા શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સનાતન ધર્મ વિશે લોકોને વધુમાં વધુ જાણકારી અને ખાસ નાના નાના બાળકોમાં સનાતન ધર્મની સાચી સમજ આવે અને સંસ્કારોનું સિંચન થાય તેમજ બાળકો સંસ્કૃત ભાષા વિશે માહિતગાર થાય તેવા શુભ હેતુથી રામ નવમીના દિવસે ચોટીલા જુના સર્કિટ હાઉસ સામે આવેલ આસ્થા કોમ્પલેક્ષમાં ત્રીજા માળે ''સનાતન ધર્મની પાઠશાળા'' (બાળ સંસ્કાર કેન્દ્ર) ખુલ્લું મૂકવામાં આવ્યું આ કાર્યક્રમ દરબાર મહાવીરભાઈ ખાચરના અધ્યક્ષ સ્થાને યોજાયો જેમાં શ્રી ચામુંડા માતાજી ડુંગર પરિવારના મનસુખગીરી ગોસાઈ તથા વસંતગીરી ગોસાઈ, ધારશી વીરજી જગ્યા મહંત ડો. શ્રી હરિપ્રસાદ નિમાવત સાહેબ, જલારામ મંદિર ના દમજીકાકા, ચિન્મય સાધનાલય ના શ્રી મીરાબેન તથા ભોલાજી, કબીર આશ્રમ મહંત, ખોડીયાર આશ્રમ મહંત, આર. એસ. એસ. ના ગોધાણી સાહેબ તેમજ ચોટીલા નગર પાલિકા પ્રમુખ પતિ મુકેશભાઈ શાહ, ચોટીલા નગર પાલિકા ઉપ પ્રમુખ કમલેશભાઈ પંડ્યા, ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ રણજીતસિંહ ચૌહાણ તથા ચોટીલા શહેરના સનાતની ભાઈઓ તથા બહેનોની હાજરીમાં કાર્યક્રમની શરૂઆત દીપ પ્રગટ્યા કરીને કરવામાં આવી. આ તકે બાળ સંસ્કાર કેન્દ્ર વિશે વિસ્તૃત માહિતી નિવૃત્ત શિક્ષક તથા વિશ્વ હિન્દુ પરિષદના શ્રી ભરતસિંહ ડાભી દ્વારા આપવામાં આવી હતી તેમજ ચિન્મય સાધનાલયના શ્રી મીરાબેન દ્વારા સંસ્કૃત તેમજ સંસ્કારો વિશે માહિતી આપી આ કેન્દ્ર વ્યવસ્થિત અને સારું ચાલે તે માટે હાજર વાલીઓને પોતાના તથા આસ પાસ ના બાળકોને આ કેન્દ્રમાં અભ્યાસ કરવા મોકલવા ટહેલ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજુભાઈ આચાર્યએ કર્યું હતું. વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા તહેવારો નિમિત્તે ચોટીલા શહેરમાં નીકળતી શોભાયાત્રા ના રૂટ દરમિયાન અલગ અલગ મંડળો દ્વારા પાણી, સરબત, સોડા, નાસ્તો વગેરે વિતરણ કરવામ આવે છે આ બાબતની નોંધ લઇને આવા તમામ મંડળોનું હાજર મહેમાનોના હસ્તે ભગવાનની શ્રી રામ લલ્લાનો ફોટો અને શાલ ઓઢાડીને સન્માનીત કરવામાં આવ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબીઃ 'પોલીસમાં મારી બાતમી આપે છે' કહી વિપ્ર પ્રૌઢને બે માથાભારે શખ્સોએ માર માર્યો



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં દિન પ્રતિદિન કહેવાતા માથાભારે તત્વો દ્વારા છાસવારે નિર્દોષ લોકોને માર મારવામાં આવે છે કે પછી તેના ધંધા રોજગારમાં પણ અડચણ ઉભી કરી માથાભારે શખ્સો પોતાનો રોફ જાળવવા નિર્દોષ લોકો ઉપર અમાનુષી ત્રાસ ગુજારી તેઓને ટાર્ગેટ કરતા હોય છે. આવા બેફામ બનેલા આવરાતત્ત્વો દ્વારા આચરવામાં આવતા કૃત્યોમાં ક્યાંકને ક્યાંક પોલીસતંત્રની કામગીરી સામે પણ અનેક સવાલો ઉભા થતા હોય છે, ત્યારે મોરબીના રવાપર ધુનડા રોડ ઉપર વધુ એક નિર્દોષ વ્યક્તિને પતું કેમ પોલીસમાં મારી બાતમી આપે છે કહી કહેવાતા માથાભારે શખ્સો દ્વારા જાહેરમાં બીભત્સ ગાળો આપી પ્રૌઢને ઢોરમાર મારવામાં આવ્યો છે. ત્યારે ભોગ બનનાર પ્રૌઢ દ્વારા બંને લિસ્ટેડ માથાભારે શખ્સો વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોરબી રવાપર ધુનડા રોડ ઉપર આવેલ ઓમકાર હાઈટ્સમાં રહેતા નિપુલભાઈ પ્રવિણભાઈ ઓઝા ઉવ.૫૨ દ્વારા મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી રઘો મેરજા રહે.રવાપર રેસીડેન્શી રવાપરઘુનડા રોડ મોરબી તથા આરોપી નવીનભાઈ રહે.મોરબી વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, ત્યારે ફરિયાદમાં જણાવવામાં આવ્યું કે ગઈકાલ તા.૧૭/૦૪ ના રોજ બપોરના બે વાગ્યાની આસપાસ નિપુલભાઈ પોતાના ઘરથી આગળ આવેલ ચાની દુકાને પોતાના મિત્ર સાથે ચા પીતા હોય ત્યારે લિસ્ટેડ આરોપી રઘો મેરજા અને તેની સાથેનો આરોપી નવીનભાઈ ફોરવ્હીલ ગાડીમાં ત્યાં આવ્યા હતા અને આરોપી રઘો મેરજા નિપુલભાઈને કહેવા લાગ્યો કે પતું પોલીસમાં મારી બાતમી કેમ આપે છેય... તેમ કહી બીભત્સ ગાળો આપવા લાગ્યો હતો જેથી નિપુલભાઈએ આરોપીને કહ્યું કે કઈ બાબતની વાત કરે છે અને ગાળો આપવાની ના પડતા આરોપી રઘો મેરજા એકદમ ઉશ્કેરાઈ નિપુલભાઈનો કોલર પકડી ઢીકાપાટુનો બેફામ માર મારવા લાગ્યો અને ત્યારબાદ આરોપી નવીનભાઈ પણ નિપુલભાઈને લાતો-ઢીકાથી બેફામ માર મારવા લાગતા નિપુલભાઈ દ્વારા બુમાબુમ કરતા આજુબાજુ પસાર થતા લોકો તથા તેના મિત્રએ વચ્ચે પડી નિપુલભાઈને વધુ મારમાંથી બચાવેલ ત્યારે આરોપીઓ ત્યાંથી જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા. તુરે ભોગ બનનારની ફરિયાદના આધારે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે આરોપીઓ સામે આઇપીસી કલમ ૩૨૩,૫૦૪,૫૦૬, ૧૧૪ હેઠળ ગુનો નોંધી આરોપીઓની અટકાયત કરવાની તજવીજ હાથ ધરી છે.

# જેતપુરમાં રામલલાના જન્મોત્સવ ભવ્ય ઉજવણી કરાઈઃ શહેરના રાજમાર્ગો પર ભવ્ય શોભાયાત્રા નીકળી





**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુર શહેરના પ્રાચીન શ્રી નૃસિંહ મંદિરથી આઝાદી પહેલાંથી પરંપરા મુજબ રામનવમીની સૌથી લાંબો પગપાળા રૂટ પર નીકળતી શોભાયાત્રા નીકળી ત્યારે જેતપુર અભૂતપૂર્વ ધર્મમય વાતાવરણમાં ફેરવાઈ ગયું હતું.

શ્રધ્ધાળુઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે . નૃસિંહ મંદિરના મહંત શ્રી કનૈયા આનંદ મહારાજની સીધી જ આગેવાની હેઠળ શહેરના તમામ મુખ્ય માર્ગો , અને મોટાભાગના વિસ્તારો ધજા-પતાકાથી સુશોભિત કરાયા હતા. સુશોભનમાં યુવાનો ખૂબ જ ઉત્સાહ જોવા મળ્યો હતો.

કોમી એકતાના પ્રતિક રૂપે શહેરના સમસ્ત મુસ્લિમ બિરાદરો દ્વારા શોભાયાત્રામાં ઠંડી છાશનો વિતરણ અને ફૂલવાડી રોડ પર નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત અનેક યુવા મંડળ અને મહિલા મંડળ દ્વારા શરબત જ્યુસ અને પાણીના સ્ટોલ મુકવામાં આવ્યા હતા

શોભાયાત્રામાં આશરે ૫૦ થી વધારે પારંપરિક અને ધાર્મિક ઝાંખીઓનો ઝાકમઝોળ જોવા મળયો હતો . ૧૫ જેટલા ઘોડેસવારો આ શોભા યાત્રામાં જોડાઈ પોતાનું કૌવત બતાવ્યું હતું. ડીજેના સંગીત અને બેન્ડવાજા તેમજ પારંપરિક ઢોલને શરણાઈના સુર અને તાલ સાથે ભાવભેર આનંદોલ્લાસ આ શોભાયાત્રામાં છવાયો હતો.. આ શોભાયાત્રામાં સંતો, મહંતો અને સ્વામિનારાયણ સંપ્રદાયના કોઠારી સ્વામી રથમાં બિરાજમાન થઈ જોડાયા હતા. આ સમગ્ર શોભાયાત્રાના આયોજનનું મોનીટરીંગ રામ જન્મોત્સવ સમિતિના અધ્યક્ષ મનોજ પારઘી કરી રહ્યા હતા.

આ રથયાત્રામાં લોકોનો ખૂબ ઉત્સાહ જોવા મળ્યો હતો તેમજ ધર્મ પ્રેમી જનતાએ હોશ ભેર ભાગ પણ લીધો હતો તેમજ તલવારબાજી ઘોડેસવારીમાં યુવાનોએ કૌવત દેખાડીને હજારો ધર્મપ્રેમી જનતાને ઝુમાવી હતી.

શોભાયાત્રાના સ્થાનિક પોલીસે ચૂસ્ત બંદોબસ્ત જાળવીને સરાહનીય ફરજ બજાવી હતી. આ શોભાયાત્રામાં લોકસભાનાં ઉમેદવાર મનસુખ માંડવીયા તેમજ ભાજપ યુવા મોરચાનાં પ્રશાંત કોરાટ, ધારાસભ્ય જયેશ રાદડિયા જોડ્યા હતા. અંતે જેતપુરમાં આ પ્રાચીન મંદિરથી નીકળતી યાત્રા માટે રામ જન્મોત્સવ સમિતિની ટીમે જેહેમત ઉઠાવી હતી.જેમાં નરસિંહ મંદિરના મહંત શ્રી કનૈયા નંદજી મહારાજનાં નિગરાની હેઠળ. સંયોજક મનોજ પારઘી, સહ સયોજક,કલ્પેશ રાંક તેમજ આશિષ મહેતા, વિક્રમસિંહ ચુડાસમા સહિતના આગેવાનોએ જેહમત ઉઠાવી હતી

# વહીવટી તંત્રએ દેશના મહાપર્વમાં મહિલા મતદાતાઓ સહભાગી બને તે માટે મોબાઈલ લાઈબ્રેરીના માધ્યમથી આમંત્રણ આપ્યું

## આંગણવાડી કેન્દ્ર, શાળાઓ અને ઈન્ડસ્ટ્રીઝમાં અચૂક મતદાન કરવા અપીલ કરાઈ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશના મહાપર્વ એવા લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત વિવિધ મતવિસ્તારોમાં મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. આ સંદર્ભે રાજકોટ સંસદીય મતવિસ્તાર ધોરાજી, ઉપલેટા, જસદણમાં મતદાન જાગૃતિ અન્વયે વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી હતી.

૭૫ -ધોરાજી વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ ધોરાજી તાલુકા સ્થિત કમલ પોલિમર્સ ખાતે અને ઉપલેટા શહેરની આંગણવાડી કેન્દ્રમાં મતદાર જાગૃતિ અભિયાન હેઠળ લોકોને મતદાનના મહત્વ અંગે સમજાવવામાં આવ્યું હતું. ઉપલેટા તાલુકાના તણસવા ગામ અને પાનેલી મોટી ગામ ખાતે ચુનાવ પાઠશાળા અંતર્ગત લોકોને મતદાન પ્રક્રિયા, ચૂંટણી, ઈ.વી.એમ., મતગણતરી સહિતની માહિતી નાટકના માધ્યમથી સમજાવ્યું હતું.અને ઉપસ્થિત સર્વેને મતદાન કરવાના શપથ ગ્રહણ કરાવ્યા હતા. આ સાથે રંગોળી સ્પર્ધા યોજાઈ હતી. વહીવટી તંત્રએ ૭૨- જસદણ વિધાનસભા મતવિસ્તારના મતદાતાઓને ઘરે ઘરે જઈને મતદાન કરવા આમંત્રિત કર્યા હતા.

રાજકોટ મહાનગરપાલિકા વિધાનસભા વિસ્તાર ગ્રામ્યના આંશિક ભાગમાં મોબાઈલ લાઇબ્રેરીના માધ્યમથી દરેક વિસ્તારમાં વધુને વધુ મહિલાઓ મતદાન કરે તે માટે મોબાઈલ લાઇબ્રેરી દ્વારા બહેનોને મતદાન કરવા અંગે જણાવ્યું અને મતદાન કરવા આમંત્રણ પત્રિકા વિતરણ કરવામાં આવ્યું.

# મોરબીના વિદ્યુતનગરમાંથી યુવક લાપતા થતા પિતાએ ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રવાપર રોડ ઉપર આવેલ વિદ્યુતનગરમાં મિલેનિયમ હાઈટ્સ એપાર્ટમેન્ટમાં રહેતો યુવક ઘરે કોઈને કહ્યા વગર ચાલ્યો જતા યુવકના પિતા દ્વારા સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુમસુધાની નોંધ કરી અલગ અલગ દિશામાં શોધખોળ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર મોરબી રવાપર રોડ વિદ્યુતનગરમાં આવેલ મીલેનીયમ હાઇટસના બ્લોક નં ૩૦૧ માં રહેતા શૈલેષભાઇ ડાયાભાઇ દેથરીયા ઉવ.૫૦ એ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પોતાનો દીકરો લાપતા થયાની ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ગત તા.૧૬/૦૪ના સવારના ૮ વાગ્યાના અરસામાં ઉતમભાઇ શૈલેષભાઇ દેથરીયા ઉવ.૨૩ પોતાના રહેણાંક મકાનેથી કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યો ગયો હતો. ત્યારે પિતાની ફરિયાદના આધારે સીટી એ ડિવિઝન પોલીસે ગુમસુધા નોંધ કરી તપાસની તજવીજ હાથ ધરી છે.

## જામનગરનું નામ રોશન કરતા યુવા અધિકારી

# જામનગર જીએસટી વિભાગમાં ટેક્સ ઓફિસર તરીકે ફરજ બજાતા આકાશ ચાવડાએ યુપીએસસીની પરીક્ષા પાસ કરી





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરનું નામ રોશન કર્યું છે. કારણ કે સમગ્ર દેશમાં યુપીએસસી ની સૌથી અઘરી પરીક્ષા ગણાય છે .આ પરીક્ષા જામનગરનાં આકાશ ચાવડા એ પાસ કરી છે.

આકાશ ચાવડા હાલ જામનગર જીએસટી વિભાગમાં ટેક્સ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. આકાશ ચાવડા છેલ્લા ૧૦ વર્ષથી યુપીએસસીની પરીક્ષાની તૈયારી કરતા હતા .અને ત્રીજા પ્રયત્ન માં યુપીએસસી ની પરીક્ષા પાસ કરી છે.

આકાશ ચાવડાએ કોઈપણ જગ્યાએ ટ્યુશન ક્લાસીસ રાખ્યા વગર પોતાની મહેનતથી યુપીએસસી ની પરીક્ષા પાસ કરી છે..એક સમયે ઘરની પરિસ્થિતિ ખરાબ હોવાના કારણે આકાશ ચાવડાએ પરિવારના ગુજરાન માટે નોકરીની જરૂરિયાત ઊભી થઈ હતી અને તેમણે જીએસટી વિભાગમાં પરીક્ષા પાસ કરી અને નોકરી મેળવી હતી.

યુ પી એસ સી ની પરીક્ષા પાસ કરવા માટે દિલ્હી કે ગાંધીનગર જવું જરૂરી નથી કારણ કે જો તમારામાં મહેનત કરવાની લગ્ન હોય તો યુપીએસસીની પરીક્ષા કોઈપણ જાતના ટ્યુશન વગર પાસ કરી શકાય છે.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મતદાર જાગૃતિ મંચની બેઠક યોજાઈ

## વધુમાં વધુ મતદાન કરવાના પ્રયાસો કરવા સૂચના અપાઈ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારોના મતદાર જાગૃતિ મંચ (વોટર અવેરનેસ ફોરમ)ની મીટીંગ ગતરોજ યોજવામાં આવી હતી.

જેમાં TIP નોડલ અધિકારી અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરે, લેબર ઓફિસર સુશ્રી નિશા કાનાણી, તમામ વોર્ડ ઓફિસર, સરકારી અને ખાનગી સંસ્થા/સંગઠનોના પ્રતિનિધિઓ તથા ૬૮-રાજકોટ પૂર્વ, ૬૯-રાજકોટ પશ્ચિમ, ૭૦-રાજકોટ દક્ષિણ અને ૭૧-રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મત વિસ્તારોના મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતના ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ આ બેઠકમાં ફિલ્મ નિદર્શન કરવામાં આવ્યું હતું. નોડલ અધિકારી- TIP દ્વારા વધુમાં વધુ મતદાન થાય તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. જ્યારે લેબર ઓફિસર દ્વારા કંપની એક્ટ મુજબ મતદાનના દિવસે કામદારોને સવેતન રજા આપવા તેમજ તમામ લેબર દ્વારા મતદાન થાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સાથે આગામી દિવસોમાં તમામ સરકારી તથા બિનસરકારી સંગઠનોમાં વોટર અવેરનેસ ફોરમની રચના કરી ૧૦૦% મતદાન થાય તેવી કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું હતું.

# મોરબીની દીકરીએ જવાહર નવોદય વિદ્યાલયમાં બીજા ક્રમે ઉત્તીર્ણ થઈ

**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

**મોરબીઃ** પોતાના દ્રઢ નિશ્ચયથી મોરબીની દીકરીએ જવાહર નવોદય વિદ્યાલયની પ્રવેશ પરીક્ષામાં ઉતીર્ણ થયા બાદ ધોરણ-૬માં બીજો ક્રમાંક મેળવ્યો છે. તારીખ ૧૬ એપ્રિલના રોજ વાર્ષિક મહોત્સવમાં આ દીકરીનું જીલ્લા વિકાસ અધિકારી પ્રજાપતિ અને શાળાના આચાર્યના હસ્તે પ્રમાણપત્ર સાથે એવોર્ડ આપી સન્માન કર્યું હતું.

મોરબીમાં રહેતી ધ્રુવી હરેશકુમાર ખડોદરા નામની દીકરીને ધોરણ-૫માં જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ મેળવવો હોય ખાનગી ટ્યુશન ક્લાસ અને અન્ય કોચિંગ સેન્ટરમાં તપાસ કરતા ક્યાંયથી હકારાત્મક પ્રતિભાવ ન મળવાની સાથે એક કોચિંગ ક્લાસ સંચાલકે તો ધ્રુવી પ્રવેશ પરીક્ષામાં પાસ નહીં થઇ શકે તેવું સ્પષ્ટ જણાવી દેતા ધ્રુવીના પિતાએ ધ્રુવીને હિંમત આપી અને કોઈપણ ભોગે આ પરીક્ષા પાસ કરવા પ્રેરણા આપતા ધ્રુવીએ ઘરે બેઠા વ્યકિતગત અપેક્ષા જ્ઞાન કીના યુટયુબ




વિડિયો અને સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરી માતા-પિતા તેમજ શિક્ષિકાના માર્ગદર્શન હેઠળ મહેનત કરી સફળતા મેળવી હતી.

સાથે જ ધ્રુવીએ ધોરણ-૫માં પણ શાળામાં દ્વિતીય નંબર મેળવી ઉતીર્ણ થઇ હતી, બાદમાં જવાહર નવોદય વિદ્યાલય માં ધો. ૬માં સેકેન્ડ રેન્ક મેળવી શાળામાં યોજાયેલ એન્યુઅલ ડે માં ધ્રુવીને જીલ્લા વિકાસ અધિકારી પ્રજાપતિ અને પ્રિન્સીપાલના હસ્તે પ્રમાણપત્ર અને એવોર્ડ (ટ્રોફી) આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# રાજકોટ જિલ્લામાં વોટર હેલ્પલાઈનને મળેલી ૧૦૪ ફરિયાદોનો તત્કાલ નિકાલ

## સી-વિજિલ ઉપર ૭૭ ફરિયાદો, એમ.સી.સી. ટોલ ફ્રી પર ૧૯ ફરિયાદો, જિલ્લા સંપર્ક કેન્દ્ર-૧૯૫૦ ટોલ ફ્રી પર આઠ ફરિયાદો મળી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં મુક્ત અને ન્યાયી, પારદર્શી વાતાવરણમાં ચૂંટણી યોજવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં વિવિધ કામગીરીઓ ચાલી રહી છે. જેમાં આદર્શ આચારને લગતી ફરિયાદોના નિવારણ માટે તંત્ર ત્રિવિધ રીતે કામગીરી કરી રહ્યું છે. રાજકોટ જિલ્લામાં ૧૬મી માર્ચથી લઈને અત્યાર સુધીમાં આચારસંહિતાના ભંગને લગતી ૧૦૪ ફરિયાદો મળી છે, જેનો સમયસર નિકાલ કરી નાખવામાં આવ્યો છે.

રાજકોટ જિલ્લામાં એમ.સી.સી. ફરિયાદ નિવારણ ટોલ ફ્રી નંબર પર ૬૯-રાજકોટ પશ્ચિમમાંથી ૦૨, ૭૦-રાજકોટ દક્ષિણમાંથી ૦૭, ૭૧-રાજકોટ ગ્રામ્યમાંથી ૦૪, ૭૨-જસદણમાંથી ૦૧ તથા અન્ય પાંચ મળીને ૧૯ ફરિયાદો મળી હતી. જેનો ગણતરીની મિનિટોમાં નિકાલ કરી દેવાયો હતો.

જ્યારે જિલ્લા સંપર્ક કેન્દ્ર-૧૯૫૦ હેલ્પલાઈન પર ૬૮-રાજકોટ પૂર્વમાંથી ૦૩, ૭૧-રાજકોટ ગ્રામ્યમાંથી ૦૩, ૭૪-જેતપુરમાંથી ૦૨, મળીને આઠ ફરિયાદો મળી હતી. જેનો સકારાત્મક નિકાલ કરી દેવામાં આવ્યો હતો.

આ ઉપરાંત સી-વિજિલ પર સૌથી વધુ ફરિયાદો મળી છે. જેમાં ૬૮-રાજકોટ પૂર્વમાંથી ૦૫, ૬૯-રાજકોટ પશ્ચિમમાંથી ૩૦, ૭૦-રાજકોટ દક્ષિણમાંથી ૧૧, ૭૧-રાજકોટ ગ્રામ્યમાંથી ૨૧, ૭૨-જસદણમાંથી ૦૧, ૭૩-ગોંડલમાંથી ૧૨, ૭૪-જેતપુરમાંથી ૦૫, ૭૫-ધોરાજીમાંથી ૦૧ મળીને ૭૭ ફરિયાદો મળી હતી. જેનો ગણતરીની મિનિટોમાં નિકાલ કરવામાં આવ્યો છે.

ત્રણેય પ્લેટફોર્મ પર સંયુક્ત રીતે મળેલી ફરિયાદમાં ૬૮-રાજકોટ પૂર્વમાંથી ૦૮, ૬૯-રાજકોટ પશ્ચિમમાંથી ૩૦, ૭૦-રાજકોટ દક્ષિણમાંથી ૧૧, ૭૧-રાજકોટ ગ્રામ્યમાંથી ૨૮, ૭૨-જસદણમાંથી ૦૨, ૭૩-ગોંડલમાંથી ૧૨, ૭૪-જેતપુરમાંથી ૦૭, ૭૫-ધોરાજીમાંથી ૦૧ તથા અન્ય પાંચ મળીને ૧૦૪ ફરિયાદો મળી હતી. જેનો ગણતરીની મિનિટોમાં નિકાલ કરવામાં આવ્યો છે.

# રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં હાઉસ ટુ હાઉસ પત્રિકા વિતરણ કરી મતદાન કરવા પ્રેરિત કરાયા

## જેતપુર ગામોમાં ભાવિ મતદારોએ વર્તમાન નાગરિકોને આપ્યો મતદાનનો સંદેશ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સંસદીય મતવિસ્તારમાં લોકસભાની ચૂંટણી સંદર્ભે તા. ૭ મે, ૨૦૨૪ના મતદાનના મહાપર્વની ઉજવણી થનારી છે. આ ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો સહભાગી બને, તે માટે રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા 'મતદાન એ મહાદાન'ના મંત્રને સિદ્ધ કરવા વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ત્યારે સ્વીપ કાર્યક્રમના નોડલ અધિકારી અને અધિક કલેકટરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શન હેઠળ ઠેર-ઠેર મતદાન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

જે અન્વયે ગોંડલ તાલુકાના ભરૂડી ટોલનાકા પાસે આવેલ રવિ ટેકનોફોર્જમાં ''મતદાર જાગૃતિ'' કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં લોકોને મતદાન વિશેની સંપૂર્ણ જાણકારી આપવામાં આવી હતી.

ઉપરાંત, ૭૧ રાજકોટ વિધાનસભા વિસ્તારમાં સમાવિષ્ટ લોધિકા ગામે બીએલઓ દ્વારા ''હાઉસ ટુ હાઉસ'' મતદાર જાગૃતિ અન્વયે પેમ્પલેટ વિતરણની કામગીરી કરવામાં આવી હતી સાથો-સાથ લોધિકાના મોજે રાતૈયા ગામ ખાતે આંગણવાડી પર મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજીને નાના બાળકોને મતદાન અંગેની જાણકારી આપી અને ભવિષ્યમાં મતદાન કરશે તે માટે પ્રેરિત કર્યા હતા.

૭૪- જેતપુર આંગણવાડીની બહેનો મારફત તેમના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તાર ખાતે વધુમાં વધુ લોકો મતદાન કરે તે અંગે લોકોને જાગૃત કરવામાં આવ્યા તથા મહિલાઓની મતદાનમાં ભાગીદારી વધે તેમ જ ઘરના તમામ પાત્રતા ધરાવતા સભ્યો મતદાન કરે તે અંગે સમજૂત કરવામાં આવ્યા હતા. આમ, ભાવિ ભવિષ્યએ વર્તમાન નાગરિકોને મતદાનનો સંદેશ આપ્યો હતો.

# જસદણ વિધાનસભા મત વિસ્તારમાં રામનવમીની શોભાયાત્રામાં ભાગ લેનાર તમામ લોકોને મતાધિકારનો ઉપયોગ કરવા માહિતગાર કરાયા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી સમયમાં લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪નો સૌથી મોટો અવસર આવી રહ્યો છે. આગામી તારીખ ૭ મેના રોજ ગુજરાતની તમામ ૨૬ લોકસભા સીટો પર મતદાન થશે. ગત ચૂંટણી કરતા આ વખતે મતદાનની ટકાવારી વધે તેવા પ્રયત્નો ચૂંટણી પંચ દ્વારા સ્વીપના માધ્યમ મારફતે કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે દેશવાસીઓને લોકસભા ચૂંટણી અન્વયે મતદાન અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

આજ રોજ ૬૮-રાજકોટ (પુર્વ) વિધાનસભા મત વિસ્તારમાં સમાવષ્ટિ પડધરી તાલુકામાં મહિલાઓનું મતદાન પુરૂષની સરખામણીએ ૧૦% કરતા ઓછું હોય તેવા બાલકૃષ્ણ સોસાયટી રાજકોટ ભાગ નં ૧૩૯ ખાતે ઝોનલ ઓફીસરશ્રી, તથા બુથ લેવલ ઓફિસર શ્રી દ્વારા હાઉસ ટુ હાઉસ આમંત્રણ પત્રિકા નું વિતરણ કરી મતદાર જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં તમામને મતદાર જાગૃતિ વિશેની સમજૂતી આપી તથા ચૂંટણીમાં અચૂક મતદાન કરવા તથા કરાવવા માટે સર્વને અપીલ કરવામાં આવી.

૭૧- રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મત વિસ્તારના રાજકોટ તાલુકાના મુંજકા ખાતે આવેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આજરોજ મતદાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોકોને આગામી લોકસભા સામાન્ય ચુંટણી અંગે, મતદાનના મહત્વ અંગે તથા મતદાનની તારીખ અંગે માહિતગાર કરવામાં આવ્યા તથા તમામને મતદાન કરવા માટેની નૈતિક ફરજ નિભાવી લોકશાહીના પર્વમાં ભાગ લેવા જાણકારી આપી હતી તેમજ મતદાન અંગેના શપથ લેવડાવીને પેમ્ફલેટ વિતરણ કરાયા હતા.

૭૨- જસદણ વિધાનસભા મત વિસ્તારમાં રામનવમી નિમિત્તે યોજાયેલ શોભાયાત્રામાં ભાગ લેનાર તમામ વ્યક્તિઓને મતાધિકારનો ઉપયોગ કરવા માહિતગાર કરવામાં આવ્યા હતા. સૌ ઉપસ્થિતોને આગામી તા. ૦૭ મી મે ૨૦૨૪ ના રોજ લોકસભા સામાન્ય ચૂંટણીમાં અચૂક મતદાન કરવા માટે અપીલ કરવામાં આવી અને મતદાન કરવા માટે પ્રેરણા પુરી પાડતી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

૭૫ -ધોરાજી વિધાનસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ જામકંડોરણા-૦૮ આંગણવાડી, બાલાપર આંગણવાડી, ખાટલી આંગણવાડી અને જામદાદર આંગણવાડી ખાતે આંગણવાડીની બહેનો દ્વારા તેમના કાર્યક્ષેત્રમાં આવતા મત વિસ્તારના લોકો મહત્તમ પ્રમાણમાં મતદાન કરે તે અંગે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. મહિલાઓની મતદાનમાં ભાગીદારી વધે તેમજ મતદાનની પાત્રતા ધરાવતા ઘરના સભ્યો સમયસર અને યોગ્ય રીતે મતદાન કરે તે અંગે સમજૂતી આપવામાં આવી હતી.

## અવસાન નોંધ :બેસણું



ઔદિત્ય ઝાલાવાડી બ્રાહ્મણ ,,સ્વ. અ.સૌ. રૂપલબેન દીપેનભાઈ વ્યાસ તે દીપેનભાઈના પત્ની તેમજ નીશિતનાં મમ્મી તથા અનસૂયાબેન અરવિંદભાઈ વ્યાસની પુત્રવધૂ તથા ઇન્દુબેન જયેશભાઈ રાવલની પુત્રી તથા ધિરેનભાઈ (LIC), ઉદિતભાઈના વધુ દિવ્યેશભાઈ, મનીષભાઈ (રામ), મનીષભાઈ, સત્યમભાઈ, રવિભાઈ (બ્લુસેરા), શિવભાઈ, અભિજિતભાઈ, રાહુલભાઈના ભાભી તથા કૌશિકભાઈ, જીતેન્દ્રભાઈની બહેનનું તા. ૧૬-૪-૨૦૨૪ ને સોમવાર ના રોજ શ્રીજીચરણ પામેલ છે, પ્રભુ તેમના દિવ્ય આત્મા ને શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

**સદગતનું બેસણું**

તારીખ ૧૮-૪-૨૦૨૪ ગુરુવાર બપોરે ૪.૩૦ થી ૬ -૦૦સ્થળ: બાલકુંજ,હોબી સેન્ટર, વિવેકાનંદ સોસાયટી, એરપોર્ટ ફાટક પાસે, રાજકોટ

# શાપરમાં ૨૪ વર્ષની યુવતીનું બેભાન થઈ ગયા બાદ મોત

## મુંબઈના ગીતાબેન જેતપુરના થાણા ગાલોળમાં ભાઈના ઘરે બેભાન થયાઃ રાજકોટની હોસ્પિટલમાં દમ તોડ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર વેરાવળ શાંતિધામ સોસાયટીમાં રહેતી ધારાબેન હરેશભાઇ વઘેરા (ઉ.વ.૨૪)ને ત્રણેક વર્ષની સંધીવા સહિતની બિમારી હોઇ અને હાલમાં કમળો થઇ જતાં ૧૫મીએ ઘરે બેભાન થઇ જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ અહિ દમ તોડી દીધો હતો.

હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, કેતનભાઇ નિકોલા સહિતે શાપર પોલીસને જાણ કરી હતી. ધારાબેન ત્રણ બહેનમાં નાની હતી. તેના પિતા પેઇન્ટીંગ કામ કરી ગુજરાન ચલાવે છે.

બીજા બનાવમાં મુંબઇ કાંદીવલીના ગીતાબેન ભાનુશંકર જોષી (ઉ.વ.૪૫) જેતપુરના થાણાગાલોળ ગામે ભાઇના ઘરે આવ્યા હોઇ શ્વાસની બિમારીને કારણે બેભાન થઇ જતાં રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, ધર્મેન્દ્રભાઇ હુદડે જેતપુર તાલુકા પોલીસને જાણ કરી હતી.

નવા થોરાળા પોલીસ સ્ટેશન સામે રહેતાં રંજનબેન રમેશભાઇ જેતાણી (ઉ.વ.૫૦) શ્વાસની બિમારીને કારણે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેણીના પતિ મજૂરી કરે છે. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે.

# શ્રમજીવી યુવતીને લેબર કોન્ટ્રાકટરે ફસાવી દુષ્કર્મ આચર્યુઃ પોલીસે કરી ધરપકડ

## બળજબરી આચરી વિડિયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપી વારંવાર કર્યુ શોષણ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં દૂષ્કર્મની વધુ એક ઘટના નોંધાઇ છે. એક યુવતિને કારખાનામાં કામ અપાવી દેવાના બહાને લેબર કોન્ટ્રાકટરે ફસાવી તેનો નગ્ન વિડીયો ઉતારી લઇ વાયરલ કરવાની ધમકી દઇ તેને કારખાને બોલાવી બળાત્કાર ગુજારી લીધો હતો. આ મામલે આજીડેમ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. દરમિયાન એલસીબી ઝોન-૧ની ટીમે આરોપીને દબોચી લીધો હતો.



પોલીસે આ બનાવમાં શહેરના એક વિસ્તારમાં રહેતી અને કારખાનામાં મજૂરીકામ કરતી યુવતિની ફરિયાદ પરથી લેબર કોન્ટ્રાકટર તરીકે કામ કરતાં હાલ ૮૦ ફુટ રોડ પર સત્યમ્ પાર્ક-૪માં રહેતાં લોકેશ પ્રદિપભાઇ શાહુ (ઉ.વ.૨૪) વિરૂધ્ધ આઇપીસી ૩૭૬ (૨) એન મુજબ ગુનો નોંધ્યો હતો. ભોગ બનેલી યુવતિએ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેને કામની જરૂર હોઇ લેબર કોન્ટ્રાકટનું કામ કરતા લોકેશને મળી હતી. લોકેશે પોતે તેણીને કામ અપાવી દેશે તેમ કહી લાલચ આપી પરિચય કેળવી ફોન નંબર મેળવી વાતો કરી હતી. ત્યારબાદ માંડાડુંગર પાસે આવેલા કારખાનામાં બોલાવી હતી. ત્યારબાદ તેને કામ અપાવી દેવાની લાલચ આપી મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરી નગ્ન વીડિયો ઉતારી લીધો હતો.

આ પછી લોકેશે આ વિડીયો વાયરલ કરી દેવાની ધમકી આપી વારંવાર કારખાને બોલાવી બળજબરી આચરી હતી. અંતે કંટાળીને યુવીત આજીડેમ પોલીસ સ્ટેશને પહોંચતા પીઆઇ એ. બી. જાડેજાની રાહબરીમાં પીએસઆઇ સોલંકી સહિતના સ્ટાફે ગુનો નોંધી આરોપી લોકેશની શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન એલસીબી ઝોન-૧ના હેડકોન્સ. વિજેન્દ્રસિંહ ઝાલા અને જીતુભા ઝાલાની બાતમી પરથી લોકેશને માંડા ડુંગર નજીકથી પકડી લેવાયો હતો.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સજ્જનસિંહ પરમારની સુચના અનુસાર પીએસઆઇ બી. વી. બોરીસાગર, હેડકોન્સ. વિજેન્દ્રસિંહ ઝાલા, જીતુભા ઝાલા, મનરૂપગીરી ગોસ્વામી, ધર્મરાજસિંહ જાડેજા, કોન્સ. હિતેષભાઇ પરમાર, દિવ્યરાજસિંહ જાડેજા, સત્યજીતસિંહ જાડેજા, રવિરાજભાઇ પટગીર અને આજીડેમ પોલીસે આ કામગીરી કરી હતી.

# ગંજીવાડાના કુખ્યાત શખ્સને પાસા તળે વડોદરા જેલમાં ધકેલાયો

## ભકિતનગરના પીઆઇ મયુરધ્વજસિંહ સરવૈયા, પીએસઆઇ વસાવા, એએસઆઇ નિલેષભાઇ મકવાણા, દિલીપભાઇ બોરીચાની ટીમે કરી કામગીરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ગંજીવાડા મેઇન રોડ પર શેરી નં. ૨૬ના ખુણે રહેતાં હિપાલ ઉર્ફે લાખો દેવજીભાઇ ગોહેલ (ઉ.વ.૩૫)ને દારૂના ગુનામાં સંડોવાયો હોઇ ઇ-ગુજકોપમાં ગુનાહિત ઇતિહાસ ચકાસી ભકિતનગર પોલીસે પાસાની દરખાસ્ત તૈયાર કરતાં પોલીસ કમિશનર રાજુ ભાર્ગવએ દરખાસ્ત મંજુર કરી તેને વડોદરા જેલમાં ધકેલવા હુકમ કર્યો હતો.



હીપાલ ઉર્ફે લાખા વિરૂધ્ધ થોરાળા, એ-ડિવીઝન, લોધીકા, માલવીયાનગર, ડીસીબી, ભકિતનગરમાં દારૂ, ધાકધમકી સીહતના નવ ગુના નોંધાયા હતાં. એક વખત પાસામાં પણ જઇ આવ્યો હતો. ફરી વખત તેને પાસામાં ધકેલાયો છે. જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી બી. વી. જાધવની રાહબરીમાં પીઆઇ મયુરધ્વજસિંહ એમ. સરવૈયા, પીસીબી પીઆઇ એસ. એસ. રાણે, પીએસઆઇ એમ. એન. વસાવા, એએસઆઇ નિલેષભાઇ મકવાણા, હેડકોન્સ. દિલીપભાઇ બોરીચા, કોન્સ. વિશાલભાઇ દવે, રાજુભાઇ દહેકવાલ, ઇન્દ્રજીતસિંહ સિસોદીયા, રાહુલગીરી ગોસ્વામીએ વોરન્ટ્ બજવણીની કામગીરી કરી હતી.

# ધ્રોલ-જામનગરના બે શખ્સો બે કિલો ગાંજા સાથે ઝબ્બે

**મુખ્ય સમાચાર, જામનગર**

બે શખ્સો ગાંજો લઇને ધ્રોલ આવવાના છે અને તે ધ્રોલ રાજકોટ હાઇવે રોડ ઉપર આવેલ જય વાડીનાથ હોટલ પાસે ઉતરવાના છે. જેથી સદર જગ્યાએ જઇ વોચમાં રહી દરમ્યાન દરમ્યાન ૨ કિલો ગાંજો કી. રૂા. ૨૦,૦૦૦ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂા. ૩૦,૭૦૦ સાથે આરોપી (૧) શાહનવાજ ઇબ્રાહીમભાઇ શાહમદાર રહે. રઝવી સોસાયટી, બાવાગોરની દરગાહ પાસે, ધ્રોલ ,(૨) જાવીદ હાજીભાઇ ચાવડા રહે. મોટા આશાપુરાના મંદીર પાસે બચુનગર, જામનગરને પકડી પાડેલ છે.



બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પાર્ટ-બી કલમ ૮(સી), ૨૦(બી) (૨)(એ) ૨૯ મુજબના ગુન્હામાં નાસતા ફરતાઆરોપી મામદ મુશાભાઇ કકલ રહે. જામનગરવાળો, હાલ ગ્રેઇન માર્કેટ, ત્રણ દરવાજા પાસે ઉભો હોય જેથી સદર જગ્યાએ જતા મળી આવેલ હોય જેથી મજકુર આરોપીને હસ્તગત કરી આગળની કાર્યવાહી થવા માટે સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશનને સોંપી આપેલ છે.

આ કાર્યવાહી એસઓજી પોલીસ ઇન્સ્પેકટર બી.એન.ચૌધરી તથા પોલીસ ઇન્સ્પેકટર એલ.એમ.ઝેર તથા એસઓજી સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

# ઓનલાઇન કંપનીમાં ઉંચા વળતરની લાલચ આપી ગોંડલના બે ભાઇઓ સહિત પાંચ સાથે ૧૦.૯૧ લાખની ઠગાઇ

## યુવાનની ગોંડલ સીટી પોલીસમાં ઇ.બી.એમ.માં કોલોબ્રેશનમાં કામ કરતી કંપની, આઇ.એ.એફ. ફાઇનાન્સીંગ તથા ગ્રુપ એડમીન, કંપનીના મેનેજર સહિત ૧૦ મોબાઇલ ધારકો સામે ફરીયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલના વોરા કોટડા રોડ પર રૈયાણીનગરમાં રહેતા યુવાન તેના ભાઇ, ભત્રીજા સહિત પાંચ લોકોને ઇ. બી. એમ. કોલોબ્રેશનમાં કામ કરતી કંપની આઇ. એ. એફ. ફાઇનાન્સીંગ નામની એપમાં જાહેરાત કરી ઓનલાઇન કંપનીમાં ઉંચા વળતરની લાલચ આપી નાણાંનું રોકાણ કરાવી રૂા. ૧૦,૯૧,૫૪૮ ની છેતરપીંડી આચરતા ગોંડલ સીટી બી ડીવીઝન પોલીસમાં ફરીયાદ થઇ છે.




મળતી વિગત મુજબ ગોંડલના વોરાકોટડા રોડ પર રૈયાણીનગરમાં રહેતા ધર્મેન્દ્રભાઇ ગીરધરલાલભાઇ પંડયા (ઉ.વ.૪૫) તે ગોંડલ સીટી બી ડીવીઝન પોલીસ મથકમાં ઇ. બી. એમ. કોલોબ્રેશનમાં કામ કરતી કંપનીમાં આઇ. એ. એફ. ફાઇનાન્સીંગ નામની એપ તથા ગ્રુપ એડમીન અને મેનેજર સહિત દસ મોબાઇલ ધારકો સામે ફરીયાદ નોંધાવી છે. ધર્મેન્દ્રભાઇએ ફરીયાદમાં જણાવ્યું છે કે પોતે પ્રાઇવેટ નોકરી કરે છે. પોતે તા. ૧૪-૧ પહેલા અગાઉ ત્રણ મહિના પહેલા પોતે પોતાના મોબાઇલમાં યુ-ટયુબ ઓનલાઇનમાંથી એક લીંક ખોલી હતી. જેમાં આઇ. એ. એફ. ફાઇનાન્સીંગ નામની એપ હોઇ જે. આઇ. બી. એમ. સાથે કોલોબ્રેશનમાં કામ કરતી કંપની હોઇ અને જેમાં મની ઇન્વેસ્ટ કરી ઉચુ વળતર આપતા હોઇ તેવી જાહેરાત આપતા પોતે આ જાહેરાતમાં ઉંચુ રીટર્ન મેળવવાના પ્રલોભનમાં આવી જઇ આ એપનો પોતે પાંચ મહિનાથી ઉપયોગ કરતા હતાં. અને પોતે અલગ-અલગ રીતે કુલ રૂા. ૬,૩૫,૨૬૬ પેટીએમમાંથી અલગ-અલગ કંપનીમાં પૈસા મોકલ્યા હતાં. તા. ૧૫-૧ ના રોજ ઓનલાઇન સરવર ડાઉન કરી કંપની ઓફ લાઇન થઇ ગઇ અને આ કંપનીમાં અલગ-અલગ લોકો હતાં. જેમાં ગ્રુપના એડમીન તથા મેનેજર સહિત અલગ-અલગ ૧૦ મોબાઇલ નંબર પર વ્હોટસ એપમાં મેસેજ દ્વારા વાત થઇ હતી. તા. ૧૪-૧ ના રોજ આ મોબાઇલ નંબર વ્હોટસ એપ ગ્રુપમાંથી લેફટ થઇ ગયા હતાં. અને તા. ૧૫-૧ ના રોજ સાઇડ બંધ થઇ ગઇ હતી. અને આજદીન સુધી આ ફોન નંબરો સ્વીચ ઓફ આવે છે. બાદ પોતાની સાથે છેતરપીંડી થઇ હોવાની ખબર પડતા પોતે સાયબર હેલ્પ લાઇન નંબર ૧૯૩૦-૧૯૩૦ માં ઓન લાઇન ફરીયાદ કરી હતી. આ ઉપરાંત પોતાના નાના ભાઇ કેતનભાઇ ગીરધરભાઇ પંડયાના આજ ઓનલાઇન એપમાં રૂા. ૧,૪૮,૪૫૬, તેના પુત્ર પ્રિયંકના રૂા. ૫૭,૮૨૬, ગોંડલના કમલેશભાઇ રાજેન્દ્રપ્રસાદભાઇ મહંતોના રૂા. ૧,૦૦,૦૦૦ તથા અંકુરભાઇ કાંતીભાઇ ગૌસ્વામીના રૂા. ૧,૫૦,૦૦૦ મળી કુલ રૂા. ૧૦,૯૧,૫૪૮ નું ઓન લાઇન ફ્રોડ થયુ હોવાનું જાણવા મળ્યુ હતું. આ અંગે ગોંડલ બી ડીવીઝન પોલીસે ધર્મેન્દ્રભાઇ પંડયાની ફરીયાદ પરથી ઇ. બી. એમ. સાથે કોલોબ્રેશનમાં કામ કરતી કંપની તથા આઇ. એ. એફ. ફાઇનાન્સીંગ નામની એપ તથા ગ્રુપના એડમીન, મેનેજર સહિત દસ મોબાઇલ ધારકો સામે આઇ. ટી. એકટની કલમ હેઠળ ગુનો દાખલ કરી પી. આઇ. જે. પી. ગોસાઇ એ તપાસ હાથ ધરી છે.

# રાજકોટને આવતા મહિનાથી નવી ૧૦૦ CNG બસો મળશે, તબક્કાવાર જૂનીનાં સ્થાને નવી બસો મુકાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મનપા દ્વારા શહેરમાં સિટી બસ દોડાવવામાં આવી રહી છે. જેમાં ૫૨ બસ ડીઝલ સંચાલીત હોય પ્રદૂષણમાં વધારો કરી રહી છે. આથી સરકાર પાસે ઈલેક્ટ્રિક અને સીએનજી બસની માગ કરવામાં આવી હતી. જેને લઈ સરકાર દ્વારા હાલ ૧૦૦ CNG બસ આપવામાં આવનાર છે. આગામી માસથી તબક્કાવાર નવી બસો આવતા જૂની ધૂમાડા ઓકતી ડીઝલ બસો નોનયુઝ કરાશે. તેમજ જરૂરિયાત મુજબનાં નવા રૂટ પણ શરૂ કરવામાં આવશે.



મ્યુનિ. કમિશનર આનંદ પટેલના જણાવ્યા મુજબ, આગામી માસથી તબક્કાવાર પ્રધાનમંત્રી યોજના અંતર્ગત ૧૦૦ CNG બસ ફાળવવામાં આવશે. જૂલાઈ માસ સુધીમાં તમામ બસો આવી જશે. શહેરમાં દોડતી ડીઝલ બસના સ્થાને ઈગત્રદ્દ બસ દોડાવવા સરકાર પાસે બસ માગવામાં આવી હતી. જે મંજૂર થઈ જતાં આવતા મહિનાની શરૂઆતમાં પ્રથમ ૨૫ ઈગત્રદ્દ બસ તેમજ બાદમાં તબક્કાવાર વધારાની ૭૫ બસ આવશે. જેને લઈને ટૂંક સમયમાં તમામ ૫૨ ડીઝલ બસ સામે સીએનજી બસ મુકવામાં આવશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, હાલ બીઆરટીએસ રૂટ ઉપર અને શહેરના અન્ય રૂટ ઉપર ૭૫ ઈલેક્ટ્રિક બસ દોડી રહી છે. પ્રદૂષણની માત્રા ઓછી કરવા તમામ સિટી બસ સીએનજી અને ઈલેક્ટ્રિક સંચાલીત કરવામાં આવશે. હાલમાં દોડતી ૨૦૦ ઉપરાંત વધારાની જે બસ આવશે તેના માટે જે વિસ્તારોમાંથી સિટી બસની ડિમાન્ડ કરવામાં આવી છે. તેવા વિસ્તારોને પ્રાયોરિટી આપી નવા રૂટ શરૂ કરવામાં આવશે. જેના લીધે જુલાઈ માસ સુધીમાં સિટી બસ સેવા સંપૂર્ણપણે ડીઝલ બસોથી મુક્ત થઈ જશે. આ ઉપરાંત પ્રધાનમંત્રી યોજના હેઠળ ૧૦૦ ઈલેક્ટ્રિક બસ પણ મહાનગરપાલિકાને ફાળવવામાં આવનાર છે. જોકે, તેમાં હજુ સમય લાગશે.

પ્રથમ ૨૫ સીએનજી બસ આવશે જે ડિઝલ બસ સામે મુકાશે. ત્યારબાદ વધુ ૩૦ સીએનજી બસને પણ જૂની બસના સ્થાને મુકવામાં આવશે. સીએનજી બસના ફ્યુલ માટે શહેરમાં અનેક જગ્યાએ પંપ કાર્યરત છે. તેથી ઈલેક્ટ્રિક બસ કરતા સીએનજી બસને ફ્યુલચાર્જ માટે ઓછો સમય લાગશે. સરકાર દ્વારા આ તમામ બસ ફાળવવામાં આવે ત્યારબાદ અમુક બસ સ્પેરમાં રાખવામાં આવશે. જે જરૂર પડ્યે નવા રૂટ અથવા જે રૂટ બસ રિપેરિંગના કારણે બંધ થયા હોય ત્યાં દોડાવવામાં આવશે.

# ગરમી-લુથી બચવા તકેદારી રાખવા લોકોને રાજકોટ આરોગ્ય વિભાગની અપીલ

## છેલ્લા ૪૮ કલાકમાં હિટવેવથી અસર પામેલા ૭૨ લોકોને અપાઈ સારવારઃ પુષ્કળ માત્રામાં પાણી, લીંબુ શરબત, નાળીયેરનું પાણી, ઓ.આર.એસ.વગેરે પીવા અને જરૂર વિના બહાર નીકળવાનું ટાળવાનો અનુરોધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હાલ આકરી ગરમી શરૂ થઈ ગઈ છે ત્યારે રાજકોટના આરોગ્ય વિભાગે લોકોને સાવધાની રાખવા અપીલ સાથે માર્ગદર્શિકા જારી કરી છે. આ સાથે છેલ્લા ૪૮ કલાકમાં ગરમી-લુના કારણે ૭૨ લોકોને આરોગ્ય સંબંધી તકલીફો જોવા મળી હતી. જે તમામનેન તાત્કાલિક સારવાર આપવામાં આવી હતી.

ગરમી તથા લૂના કારણે રાજકોટમાં ૧૬મી એપ્રિલે કુલ મળીને ૪૮ લોકોને પેટમાં દુખાવો, વોમિટિંગ, ડાયેરિયા, હાઈ ફીવર સહિતની અસરો થતાં તેમને તાત્કાલિક સારવાર અપાઈ હતી. જ્યારે ૧૭મી એપ્રિલે ૨૪ લોકોને ગરમીથી તબિયત ખરાબ થતાં જરૂરી તમામ સારવાર અપાઈ હતી.

રાજકોટના જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણેની સૂચના મુજબ, રાજકોટના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. પી.કે. સિંઘ તથા ઈન્ચાર્જ એપિડેમિક મેડિકલ ઓફિસર ડો. ગૌરાંગ ઉપાધ્યાયના માર્ગદર્શનમાં ડિસ્ટ્રિક્ટ હેલ્થ સોસાયટી દ્વારા હિટવેવ સામે સાવધાની માટે લોકોમાં જાગૃતિ આવે તે માટે પૂરતા




પ્રયાસો કરવામાં આવે છે. જેમાં સોશિયલ મીડિયા પર વિવિધ પોસ્ટ કરીને લોકોને સાવધાની રાખવા અપીલ કરાય છે. આ ઉપરાંત હાઈવે પર વિવિધ સ્થળે મોટા હોર્ડિંગ્સ લગાવાયા છે, જેમાં આકરી ગરમી-લૂ સામે શું સાવધાની રાખવી તેની માહિતી આપવામાં આવી છે.

આ સાથે આઈ.ડી.પી.એસ.-આરોગ્ય શાખા દ્વારા ગરમી-લૂ સામે સાવધાની રાખવા અપીલ સાથે માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, વધુ પડતી ગરમીના કારણે લુ લાગવાના કેસો ખાસ કરીને નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃદ્ધો, અશક્ત બીમાર દર્દીઓ, શ્રમિકો અને ખેત મજૂરોમાં બનવા પામે છે. જે ઘણીવાર જીવલેણ પણ બની શકે છે. આથી તેની સામે સાવધાની રાખવી જરૂરી છે.

**લુ લાગવાના લક્ષણો**

- શરીર અને માથાનો દુઃખાવો થવો. - શરીરનું તાપમાન વધી જવું. - ખૂબ જ તરસ લાગવી. - ગરમ, લાલાશ અને શુષ્ક ત્વચા. - ઉલ્ટી, ઉબકા થવા. - આંખે અંધારા આવવા, ચક્કર આવવા. - શ્વાસોશ્વાસ અને હૃદયના ધબકારા વધી જવા. - અતિ ગંભીર કિસ્સામાં ખેંચ આવવી, બેભાન થઈ જવું.

**લુ લાગવાથી બચવાના ઉપાયો**

- ગરમીમાં શક્ય હોય ત્યાં સુધી બહાર નીકળવાનું ટાળવું. - આખું શરીર અને માથું ઢંકાય તે રીતે સફેદ સુતરાઉ કપડા પહેરવા. - ટોપી,ચશ્માં છત્રીનો ઉપયોગ કરવો. - ભીના કપડાથી માથું ઢાંકી રાખવું અને જરૂર જણાયે અવાર-નવાર ભીના કપડાથી શરીર લુછવું. - સીધા સૂર્ય પ્રકાશથી બચવું અને દિવસ દરમ્યાન ઝાડ નીચે, ઠંડક અને છાયામાં રહેવું. - દિવસ દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં પાણી, લીંબુ શરબત, નાળીયેરનું પાણી, ઓ.આર.એસ.વગેરે પીવા. - નાના બાળકો, સગર્ભા માતા,વૃધ્ધો અને અશકત-બીમાર વ્યક્તિઓ એ તડકામાં વિશેષ કાળજી રાખવી. - ગરમીમાં બજારમાં મળતો ખુલ્લો, વાસી ખોરાક ખાવો નહિ. - સામાજિક પ્રસંગે દૂધ માવામાં બનાવેલ ખાદ્યપદાર્થો ખુલ્લા કે વધુ સમય પડતર રહેલ હોય તે ખાવા નહિ. - ગરમીની ઋતુમાં બને ત્યાં સુધી ભૂખ્યા ન રહેવું. - ચા - કોફી, તમાકુ - સિગરેટ, દારૂના સેવનથી લુ લાગવાની શક્યતા વધે છે, તેથી તેનું સેવન ટાળવું.

**હિટવેવ લાગેલી વ્યક્તિ મળે તો શું કરવું?**

- જો શરીરનું તાપમાન વધી જાય અથવા બેભાન, મુંઝવણ અથવા પરસેવો બંધ થઈ ગયો હોય તેવી વ્યક્તિ મળે તો તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવા જણાવાયું છે.

- એમ્બ્યુલન્સ આવે ત્યાં સુધી કે સારવાર મળે ત્યાં સુધીમાં આવી વ્યક્તિને ઠંડી કરવા માટે શક્ય હોય ત્યાં ઠંડી જગ્યાએ-છાંયામાં ખસેડવી. ત્વચાના મોટાભાગોમાં અથવા કપડા પર ઠંડુ પાણી લગાવવું. આવી વ્યક્તિને શક્ય તેટલો પવન નાંખવો.

- માથાનો દુઃખાવો, બેચેની, ચક્કર આવવા, ઉબકા કે તાવ આવે તો તરત જ નજીકના આયુષમાન આરોગ્ય મંદિર/પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/દવાખાનાનો સંપર્ક કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને એપેડેમીક મેડિકલ ઓફિસરશ્રી દ્વારા રાજકોટ જિલ્લાની જનતાને અપીલ કરવામાં આવી છે.

# સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી આસામીઓ પાસેથી ૨૬ હજારનો દંડ વસુલાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારિખ ૧૬/૦૪/૨૦૨૪ થી ૧૭/૦૪/૨૦૨૪ ૨ દિવસ દરમિયાન ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા. ૧૬/૦૪/૨૦૨૪ થી ૧૭/૦૪/૨૦૨૪ ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૧૦૧ આસામીઓ પાસેથી ૦૬.૨૯૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૨૬૬૫૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.





સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૫ આસામીઓ પાસેથી ૧.૩૪૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૮૦૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૭ આસામીઓ પાસેથી ૩.૮૫૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૩૫૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૯ આસામીઓ પાસેથી ૧.૧૦૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૫૦૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી મ્યુનિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરશ્રીના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઇજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઇન્સ્પેકટર/ સેનેટરી સબ ઇન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.

# ઓખા-દિલ્હી સરાય રોહિલા વચ્ચે દોડશે સ્પેશિયલ ટ્રેનઃ ટિકિટોનું બુકિંગ કાલથી શરૂ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે ઓખા-દિલ્હી સરાય રોહિલા વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવશે. જેની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન નંબર ૦૯૫૨૩/૦૯૫૨૪ ઓખા-દિલ્હી સરાઈ રોહિલ્લા સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૦ ટ્રીપ્સ ટ્રેન નંબર ૦૯૫૨૩ ઓખા - દિલ્હી સરાય રોહિલા સ્પેશિયલ ૨૩ એપ્રિલ ૨૦૨૪ થી ૨૫ જૂન ૨૦૨૪ સુધી દર મંગળવારે સવારે ૧૦.૦૦ કલાકે ઓખાથી ઉપડશે, તે જ દિવસે ૧૪.૪૦ કલાકે રાજકોટ પહોંચશે અને બીજા દિવસે સવારે ૧૦.૨૦ કલાકે દિલ્હી સરાય રોહિલા પહોંચશે.

તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૫૨૪ દિલ્હી સરાય રોહિલ્લા-ઓખા સ્પેશિયલ ૨૪ એપ્રિલ ૨૦૨૪ થી ૨૬ જૂન ૨૦૨૪ દરમિયાન દર બુધવારે બપોરે ૧૩.૨૦ કલાકે દિલ્હી સરાય રોહિલ્લાથી ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૯.૦૦ કલાકે રાજકોટ અને બપોરે ૧૩.૫૦ કલાકે ઓખા પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, ઊંઝા, સિદ્ધપુર, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, ગાંધીનગર જયપુર, દૌસા, બાંદીકુઇ, અલવર. અને રેવાડી સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર (ઇકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ ના કોચ હશે. ટ્રેન નંબર ૦૯૫૨૩ નું બુકિંગ ૧૯ એપ્રિલ, ૨૦૨૪ થી તમામ ડ્ઢજીકાઉન્ટર અને ઈંઇઝ્રઝ્ર વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે. સ્ટોપેજના સમય અને બંધારણ અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.